RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 16, Issue : 01, Dt.9-4-2025 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# વ્યાજદરમાં ઘટાડો થતા લોન થશે સસ્તી

## EMI ઘટશેઃમધ્યમ વર્ગ માટે આનંદના સમાચાર : રિઝર્વ બેંકે વ્યાજદરમાં ૦.૨૫ ટકાનો ઘટાડો જાહેર કર્યોઃ રેપો રેટ ક.૨૫ ટકાથી ઘટી હવે ક%: ફેબ્રુઆરીમાં પણ કેન્દ્રીય બેંકેં વ્યાજદર ઘટાડયો હતોઃ હવે અર્થતંત્ર ભરશે ઊંચી ઉડાન

**મુખ્ય સમાચાર,મુંબઇ**

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI ની MPC બેઠકના પરિણામો આવી ગયા છે અને લોન લેનારાઓને મોટી રાહત મળી છે. RBI MPC ની પ૪મી બેઠક અને નવા નાણાકીય વષ® FY26 ની પ્રથમ બેઠકના પરિણામોની જાહેરાત કરતી વખતે, RBI ગવર્નર સંજય મલ્હોત્રાએ વૈશ્વિક આર્થિક તણાવ અને વેપાર યુદ્ધ અંગે ચિંતા વ્યક્ત કરી. તેમણે કહ્યું કે આ પડકારજનક વાતાવરણમાં, કેન્દ્રીય બેંકે રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરવાની જાહેરાત કરી છે અને આ પછી રેપો રેટ ઘટીને ૬ ટકા થઈ ગયો છે. વર્ષ ૨૦૨૫માં આ સતત બીજી વખત છે જ્યારે કેન્દ્રીય બેંકે મોટી રાહત આપી છે. અગાઉ ફેબ્રુઆરીમાં યોજાયેલી બેઠકમાં રેપો રેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો હતો, જે પછી તે ઘટીને ૬.૨૫ ટકા થઈ ગયો. તમને જણાવી દઈએ કે આ ઘટાડો પાંચ વર્ષના લાંબા અંતરાલ પછી કરવામાં આવ્યો હતો.

RBI MPC ની બેઠકમાં રેપો રેટમાં ઘટાડા અંગે લેવાયેલા નિર્ણય વિશે માહિતી આપતાં ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું હતું કે નવા વ્યવસાય વર્ષ ૨૦૨૬ ની શરૂઆત પડકારો સાથે થઈ છે, પરંતુ ભારતની અર્થવ્યવસ્થા સતત વધી રહી છે. રેપો રેટમાં ૦.૨૫ ટકાના ઘટાડા વિશે વાત કરતા તેમણે કહ્યું કે MSF દર ૬.૫% થી ઘટીને ૬.૨૫% થઈ ગયો છે. SDF દર ૬% થી ઘટાડીને ૫.૭૫% કરવામાં આવ્યો છે. તેમણે નીતિગત વલણને તટસ્થથી બદલીને એકોમોડેટિવ કર્યું છે.

ટેરિફ વોર અને બજારમાં મંદીના દબાણ વચ્ચે, રિઝર્વ બેંકે એક મોટો નિર્ણય લીધો છે અને લોકોને મોટી રાહત આપી છે. તાજેતરના ઘટાડા પછી, રેપો રેટ હવે ઘટીને ૬ ટકા થઈ ગયો છે. તમને જણાવી દઈએ કે ઘણા રિપોર્ટ્સમાં એવો અંદાજ લગાવવામાં આવી રહ્યો હતો કે પોલિસી રેટમાં ઘટાડો થઈ શકે છે. બેંક ઓફ અમેરિકા (BOFA) ગ્લોબલ રિસર્ચે તેના રિપોર્ટમાં આગાહી કરી હતી કે ભારતીય




અર્થતંત્રને ધ્યાનમાં લેતા, કેન્દ્રીય બેંક સતત બીજી વખત રેપો રેટમાં ઘટાડો કરીને મોટી રાહત આપી શકે છે. આમાં, રેપો રેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો અંદાજવામાં આવ્યો હતો.

RBI એ રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો છે. રેપો રેટમાં સતત બીજી વખત ઘટાડો કરવામાં આવ્યો છે. આ પહેલા ફેબ્રુઆરીમાં પણ રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરવામાં આવ્યો હતો. લગભગ પાંચ વર્ષમાં રેપો રેટમાં આ પ્રથમ ઘટાડો હતો. આજના ઘટાડા સાથે, રેપો રેટ હવે ૬ ટકા થઈ ગયો છે. રેપો રેટ એ દર છે જેના પર RBI બેંકોને લોન આપે છે. તેના ઘટાડાને કારણે, તમારી હોમ લોન, પર્સનલ લોન અને કાર લોનનો હપ્તો ઓછો થઈ જાય છે. રેપો રેટમાં ઘટાડો કરવાનો નિર્ણય RBIની નાણાકીય નીતિ સમિતિની બેઠકમાં લેવામાં આવ્યો હતો. આરબીઆઈ ગવર્નર સંજય મલ્હોત્રાએ બેઠકમાં લેવાયેલા નિર્ણયો વિશે માહિતી આપી. નવા નાણાકીય વર્ષમાં છઈઈની ખડઈ ની આ પહેલી બેઠક હતી.

તમને જણાવી દઈએ કે આ પહેલા ફેબ્રુઆરીમાં યોજાયેલી ખડઈ બેઠકમાં, રિઝર્વ બેંકે એક મોટો નિર્ણય લીધો હતો અને પાંચ વર્ષના લાંબા અંતરાલ પછી રેપો રેટ (RBI રેપો રેટ કટ) માં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો હતો. આ પછી રેપો રેટ ઘટીને ૬.૨૫ ટકા થઈ ગયો હતો. અગાઉ, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ મે ૨૦૨૦ માં રેપો રેટમાં ઘટાડો કર્યો હતો. જોકે તે પછી તેને ધીમે ધીમે ૬.૫ ટકા સુધી વધારવામાં આવ્યો હતો. છેલ્લે ફેબ્રુઆરી ૨૦૨૩માં રેપો રેટમાં વધારો કરવામાં આવ્યો હતો. અહીં તમને જણાવી દઈએ કે રેપો રેટ બેંક લોન લેતા ગ્રાહકો સાથે સીધો જોડાયેલો છે. તેના ઘટાડાને કારણે, લોનનો EMI ઘટે છે અને તેના વધારાને કારણે, તે વધે છે. વાસ્તવમાં, રેપો રેટ એ દર છે જેના પર દેશની મધ્યસ્થ બેંક ભંડોળની અછતના કિસ્સામાં વાણિજ્યિક બેંકોને નાણાં ઉછીના આપે છે. મોનેટરી ઓથોરિટીઝ દ્વારા ફુગાવાને નિયંત્રિત કરવા માટે રેપો રેટનો ઉપયોગ કરવામાં આવે છે. એવું માનવામાં આવી રહ્યું હતું કે RBI રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરી શકે છે. મોટાભાગના અર્થશાષીઓએ આ આગાહી કરી હતી. તેમણે કહ્યું કે દેશમાં ફુગાવો ઘટી રહ્યો છે, તેથી RBI રેપો રેટમાં ઘટાડો કરી શકે છે.

## સેન્ટો ડોમિંગોની નાઈટ કલબ જેટ સેટમાં લાઈવ કોન્સર્ટમાં અચાનક છત ધસી પડવાથી ૮૦ લોકોનાં મોત

### દુર્ઘટનામાં અનેક લોકો ઘાયલ : નાઈટ કલબમાં ગવર્નર સહિત અનેક ક્ષેત્રોની હસ્તી ઉપસ્થિત હતી


**મુખ્ય સમાચાર,સેન્ટો ડોમિંગો**

ડોમિવિકન રિપબ્લીકની રાજધાની સેન્ટો ડોમિંગોની પ્રસિધ્ધ નાઈટ કલબ નજેટ સેટથમાં લાઈવ કોન્સર્ટ દરમ્યાન અચાનક છત ધસી પડવાથી ૮૦ લોકોનાં કમકમાટીભર્યા મોત નીપજયા હતા.

આ ઘટનાક્રમમાં ૧૬૦ થી વધુ લોકો ઘાયલ થયા છે. ઉલ્લેખનીય છે કે, નજેટસેટથ નાઈટ કલબને સેન્ટ ડોમિંગોનું એક મુખ્ય સાંસ્કૃતિક સ્થળ માનવામાં આવે છે.આ દુર્ઘટના દરમ્યાન અનેક હાઈપ્રોફાઈ ગેસ્ટસ પણ હાજર હતા જેમાં રાજનેતા ખેલાડી અને સંગીત પ્રેમીઓ પણ સામેલ છે.

આ દુર્ઘટનાને પગલે રાહત અને બચાયકાર્ય તરત શરૂ થઈ ગયુ હતું. કાટમાળમાં ફસાયેલા લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા. દુર્ઘટનાનાં ૧૨ કલાક પછી પણ સ્થિતિ ઘણી ગંભીર બની હતી. કારણ કે ફાયર બ્રિગેડ કાટમાળમાંથી લોકોને બહાર કાઢવા માટે લાકડાની પટ્ટીઓ અને ડ્રીલને ઉપયોગ કરી રહ્યા હતા.

આ દુર્ઘટનામાં માર્યા ગયેલાઓમાં મોન્ટેક્રિસ્ટી રાજયની ગર્વનર નેલ્સી ક્રુઝ પણ હતી જે પૂર્વ મેજર લીગ બેઝબોલ ઓલ સ્ટાર જેસન ક્રુઝની બહેન હતી. આ દુર્ઘટનાએ માત્ર ડોમિનિકન રિપબ્લીક જ નહિં બલકે પુરી દુનિયાને હચમચાવી નાખી છે. આ ઘટના બાદ બાદ અસરગ્રસ્ત લોકોને દિલસોજી



પાઠવી છે. અને બચાવ કાર્યને પ્રાથમિકતા આપી છે.

ઈમરજન્સી સંચાલન કેન્દ્રનાં ડિરેકટર જુખાન મેન્યુએલ મેંડેજે કહ્યું હતું કે આમાંથી અનેક લોકો હજુ જીવતા છે. અને આ કારણે જ અહીંની સરકાર ત્યાં સુધી હાર નહિં માને જયાં સુધી કાટમાળ નીચેથી એકપણ વ્યકિત બહાર ન આવી જાય.

આ દુર્ઘટનામાં મૃત્યુ પામતા મોન્ટેક્રિસ્ટી પ્રાંતની ગવર્નર નેલ્સી ક્રુજ હતી.

## આજથી ભારત પર ૨૬ ટકાનો ટેરિફ લાગશે

**મુખ્ય સમાચાર,વોશિંગ્ટન**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વેપાર યુદ્ધની ગરમી ભારત પર પણ અસર કરશે. અમેરિકા દ્વારા ભારત પર લાદવામાં આવેલ ૨૬ ટકા પારસ્પરિક ટેરિફ આજથી અમલમાં આવ્યો છે. એવી શકયતા છે કે તેની અસર દવાઓ પર સૌથી વધુ જોવા મળે. આ ઉપરાંત, ઈલેક્ટ્રોનિક્સ અને ઓટોમોબાઈલ સહિતની વસ્તુઓને અસર થવાની છે.અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા આશરે ૧૮૦ દેશો પર લાદવામાં આવેલ પારસ્પરિક ટેરિફ આજથી અમલમાં આવી ગયો છે. ભારત પર લાદવામાં આવેલ ૨૬ ટકા ટેરિફ સવારે ૯.૩૧ વાગ્યે અમલમાં આવ્યો. ભારત પર લાદવામાં આવેલા આ ટેરિફ પછી આજથી અમેરિકામાં નિકાસ થતી દરેક ભારતીય વસ્તુ પર ૨૬% ડ્યુટી વસૂલવામાં આવશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ ટેરિફની ભારત પર અનેક સ્તરે અસર પડી શકે છે.

અમેરિકામાં ભારતીય માલ પર ૨૬% ટેરિફ લાદવાથી, તે માલના ભાવ ચોક્કસપણે વધશે. આનાથી ત્યાં ભારતીય ઉત્પાદનોની સ્પર્ધાત્મકતા ઘટી શકે છે, ખાસ કરીને એવા દેશોની સરખામણીમાં જેમણે ઓછા ટેરિફ લાદ્યા છે. ભારતના મુખ્ય નિકાસ ક્ષેત્રો ઈલેક્ટ્રોનિક્સ, રત્નો અને ઝવેરાત, ઓટોમોબાઈલ્સ અને કાપડ છે. ટ્રમ્પના પારસ્પરિક ટેરિફની દવાઓ પર સૌથી વધુ અસર પડશે. સસ્તી દવાઓ ભારતથી અમેરિકા જાય છે. અમેરિકા ભારતમાંથી ૧૨ અબજ ડોલરથી વધુ કિંમતની દવાઓ અને ફાર્મા



ઉત્પાદનોની આયાત કરે છે. ૨૦૨૩-૨૪માં ભારતનો અમેરિકા સાથેનો વેપાર સરપ્લસ ૩૫.૩૨ બિલિયન ડોલર હતો. આ સરપ્લસ ટેરિફ દ્વારા ઘટાડી શકાય છે. વાણિજ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, ભારતની નિકાસ ૭૩.૭ બિલિયન છે જ્યારે અમેરિકાથી આયાત ૩૯.૧ બિલિયન છે. જોકે, યુએસ સરકારના આંકડા આનાથી અલગ છે. અમેરિકાના ડેટા દર્શાવે છે કે ભારતની નિકાસ ૯૧.૨ બિલિયન અને આયાત ૩૪.૩ બિલિયનની છે. અમેરિકા સાથે વ્યાપાર કરવો એ ભારત માટે નફાકારક સોદો રહ્યો છે કારણ કે તેની આયાત ઓછી છે અને નિકાસ વધુ છે. ટેરિફને કારણે નિકાસ ઘટી શકે છે. પ્રધાનમંત્રી મોદી અને અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પ વચ્ચેની મિત્રતા જાણીતી છે. બંને એકબીજાને સારા મિત્રો કહે છે. હાઉડી મોદી અને નમસ્તે ટ્રમ્પ રેલીઓને પણ આના મજબૂત ઉદાહરણો માનવામાં આવે છે.

## નવકાર મહામંત્ર વિનમ્રતા શાંતિ તથા સાર્વભૌમિક સદભાવનાનું પ્રતિકઃમોદી

### દુશ્મન બહાર નહીં, અંદર જ છે; નકારાત્મક વિચાર, અવિશ્વાસ, વૈમનસ્ય જેવા આંતરિક શત્રુ પરની જીત જ અસલી વિજય હોવાનુ મહામંત્ર શીખવે છે

**મુખ્ય સમાચાર,ગાંધીનગર**

નવકાર મહામંત્રી વિનમ્રતા શાંતિ તથા સાર્વભૌમિક સદભાવનું પ્રતિક છે અને તે એક મંત્ર નથી પરતું વિશ્વાસનું કેન્દ્ર છે. જૈન ધર્મનાં સૌથી પૂજય તથા સાર્વભૌમિક મંત્ર નનવકાર મહામંત્ર દિવસથની ઉજવણીમાં દિલ્હીનાં વિજ્ઞાન ભવનથી સામેલ થયેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવકાર મહામંત્રનાં જાપ કર્યા હતા અને કાર્યક્રમમાં સંબોધન કર્યુ હતું

તેઓએ કહ્યું કે, નવકાર મહામંત્રનું મહત્વ માત્ર આધ્યાત્મિક નથી પરંતુ આપણા જીવનનો મુખ્ય સ્વર છે. જે સ્વયંથી માંડીને સમાજ સુધી તમામને માર્ગ દેખાડે છે જનથી જગ સુધીની યાત્રા છે. આ મહામંત્રના દરેક પદ જ નહિં પરંતુ દરેકે દરેક અક્ષર જ મંત્ર છે.

તેઓએ કહ્યુ કે, આપણે જયારે નવકાર મહામંત્રના જાપ કરીએ છીએ ત્યારે ૧૦૮ દિવ્ય ગુણોને નમન કરીએ છીએ અને માનવતાના હિતોનું સ્મરણ થાય છે. ધ્યાન અને કર્મ જ જીવનની સાચી દિશા હોવાનું મહામંત્ર યાદ અપાવે છે. ગુરૂ જ પ્રકાશ છે અને આપણી અંદરથી નિકળતો માર્ગ જ સાચો છે.

નવકાર મહામંત્રની આધ્યાત્મિક શકિતનો અનુભવ કરી રહ્યાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, આવા જ એક સામુહીક મંત્રોચ્ચારમાં હુ બેંગ્લોર ખાતે જોડાયો હતો આજે તેનાં જેવી જ અને ઉંડાણપૂર્વકની દિવ્ય અનુભુતિ થઈ છે.

નવકાર મહામંત્ર એમ કહે છે કે, સ્વયં પણ વિશ્વાસ કરો, સ્વયંની યાત્રા શરૂ કરો, દુશ્મન બહાર નથી, આપણી અંદર જ છે. નકારાત્મક સોચ, અવિશ્વાસ, વૈમનસ્ય તથા સ્વાર્થ જ એવા શત્રુ છે જેને જીતવાથી જ અસલી વિજય મળે છે આજ કારણે જૈન ધર્મમાં બહારી દુનિયા નહિં પરંતુ ખુદને જીતવાની પ્રેરણા આપવામાં આવી છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે જીવનના ૯ તત્વો હોવાની આપણને સમજ છે. આ ૯ તત્વો જીવનને પૂર્ણતા તરફ લઈ જાય છે અને તેને કારણે જ સંસ્કૃતિમાં ૯નુ મહત્વ છે. નવકાર મહામંત્રના આ દર્શન વિકસીત ભારતના વિઝન સાથે



જોડાયા છે.નવકાર મહામંત્ર સાચા અર્થમાં માનવ, ધ્યાન, સાધના અને આત્મશુધ્ધિને મંત્ર છે. નવકાર મહામંત્ર આપણને આપણા પર જ વિશ્વાસ રાખવાની શિક્ષા આપે છે. જયારે આપણે નવકાર મહામંત્રનો જાપ કરીએ છીએ ત્યારે પંચ પરમેષ્ઠીને નમન કરીએ છીએ. વડાપ્રધાન મોદીએ કહ્યું કે ભારતની ઓળખમાં જૈન ધર્મની પ્રતિભા અણમોલ છે નવા સંસદ ભવનમાં પણ જૈન ધર્મનો પ્રભાવ સાફ છે. હું નથી જાણતો તમારામાંથી કેટલાંક લોકો નવું સંસદ ભવન જોવા માટે ગયા હશો.

## હોટેલ કે દુકાનમાં આધારની ફોટોકોપી નહી આપવી પડે

- આધારની નવી એપથી ચહેરાની વેરિફિકેશનની પ્રક્રિયા પુરી થઈ જશે : અશ્વિની વૈષ્ણવ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ભારતીય વિશિષ્ટ ઓળખ ઓથોરીટી-યુઆઈડીએઆઈ આધારનાં નવા એપનું પરિક્ષણ કરી રહ્યું છે. આથી ચહેરાથી વેરિફિકેશનની પ્રક્રિયા પુરી થશે. કેન્દ્રીય માહીતી અને ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે મંગળવારે આધાર સંવાદ કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, એપ આવ્યા બાદ હોટેલ કે દુકાનમાં આધારની ફોટોકોપી નહી આપવી પડે




કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યુ હતું કે, આ એપથી આધાર વેરિફિકેશનના પ્રક્રિયાને યુપીઆઈ પેમેન્ટની જેમ સરળ બનાવવામાં આવી છે. માત્ર કયુઆર કોડથી આધારનું પળવારમાં ડિઝીટલ વેરિફીકેશન કરી શકાશે. આધાર અનેક પહેલાનો આધાર છે. આ સ્થિતિમાં નવી એપ ઘણુ બધુ સરળ કી દેશે. કાર્યક્રમને સંબોધતા કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે, નવુ આધાર એપ પુરી રીતે સુરક્ષિત રહેશે. જે નિશ્ચિત કરે છે કે આધાર સાથે જોડાયેલો ડેટા કયાંય પણ લીક નહિં થાય. કોઈપણ વ્યકિતનો પોતાની અંગત જાણકારી પર પુરો અંકુશ હશે આધાર સાથે જોડાયેલી માત્ર એટલી જ જાણકારી બીજી વ્યકિતને શેર કરાશે. જેટલી જરૂર હશે. અત્યાર સુધી આધાર વેરિફિકેશનના નામે કોઈપણ વ્યકિતનુ નામ, સરનામું, મોબાઈલ નંબરથી લઈને અન્ય વ્યકિતગત જાણકારી પણ માગવામાં આવે છે. જયારે આટલી જાણકારીની કોઈને જરૂર પણ નથી હોતી.

## સરકારી કર્મચારીની બંને પત્નીઓને એકસરખા ભાગે પેન્શનની રકમ ચૂકવવા હાઈકોર્ટનો આદેશ

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

રાજ્ય સરકારના વિભાગમાં કામ માટે સરકારી કર્મચારી દ્વારા નિવૃત્ત થયા અગાઉ બે લગ્ન માર્યા હોય તેવા કિસ્સામાં પેન્શન ચૂકવવા બાબતે આપેલા એક મહત્વના આદેશમાં હાઇકોર્ટે ઠરાવ્યું હતું કે, ગુજરાત સિવિલ સર્વિસીસ પેન્શન રૂલ્સ-૨૦૦૨ના નિયમો પરથી સ્પષ્ટ છે કે, ફેમીલી પેન્શન એકથી વધુ પત્ની(વિધવા)ને ચૂકવવાનું થાય, તેથી બંને પત્નીઓને એકસરખા ભાગે પેન્શનની રકમ ચૂકવણી કરવાની રહે છે.

આ કેસનો ચુકાદો આપતા હાઇકોર્ટે એવું પણ સ્પષ્ટ કર્યુ કે, રૂલ્સમાં કયાંય એવી સ્પષ્ટતા નથી કે, પહેલી પત્ની પેન્શન માટે હકદાર છે કે, બીજી પત્ની. રૂલ્સમાં તો, પત્નીઓ વચ્ચે સરખા ભાગે ફેમીલી પેન્શન ચૂકવવાની વાત જણાવી છે.હાઇકોર્ટે અરજદાર પત્નીને પણ મૃત સરકારી કર્મચારી પતિના પેન્શનની અડધી રકમ ત્રણ મહિનામાં ચૂકવી આપવા હુકમ કર્યો હતો અને અરજીનો નિકાલ કર્યો હતો. કેસની વિગત મુજબ, એક સરકારી કર્મચારીએ તેની નિવૃત્ત પહેલાં બે લગ્ન કર્યા હતા. બીજી પત્નીને પેન્શનની રકમ મળતી હતી પરંતુ પહેલી પત્નીને પેન્શનની કોઇ રકમ ચૂકવાતી ન હતી, તેથી તેણે હાઇકોર્ટમાં રિટ અરજી કરી પોતાનો હક માંગ્યો હતો કે, તે પણ મૃતક સરકારી કર્મચારીની કાયદેસર પત્ની(વિધવા) છે અને તેથી તેને પણ પેન્શનની રકમ મેળવવાનો અધિકાર છે. આ કેસમાં તમામ પક્ષકારોની દલીલો સાંભળ્યા



બાદ ગુજરાત હાઇકોર્ટે ઠરાવ્યું હતું કે, નિવૃત્ત અને સ્વર્ગસ્થ કર્મચારીની બંને પત્નીઓને પેન્શનની રકમ એકસરખા ભાગે ચૂકવવાની રહે. આમ કહી હાઇકોર્ટે અરજદાર પત્નીને પણ ત્રણ મહિનામાં પેન્શન ચૂકવવા સત્તાવાળાઓને હુકમ કર્યો હતો. હાઇકોર્ટે ચુકાદામાં એમ પણ નોંધ્યું છે કે, ગુજરાત સિવિલ સવસિસ પેન્શનના નિયમો મુજબ અને પત્ની એ ફેમીલીની વ્યાખ્યામાં આવે છે અને એમાં કાનૂની રીતે જુદી થયેલી પત્ની અને પતિનો પણ સમાવેશ થાય છે. અલબત્ત કે સરકારી કર્મચારીના લગ્ન નિવૃત્ત થયા પહેલાં થયેલા હોવા જોઈએ. જે પ્રસ્તુત કેસમાં થયેલા હતા.

## ઉમંગ એપના માધ્યમથી કર્મચારી ખુદ જ પીએફ નંબર સક્રિય કરી શકશે

### આ સુવિધાથી યુએએનમાં મોબાઈલ નંબર અને નામ સબંધી ત્રુટીઓ ખતમ થઈ જશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ઈપીએફઓએ પીએફ ખાતાના યુનિવર્સલ નંબર (યુએએન)ને સક્રિય કરવાની પ્રક્રિયાને સરળ બનાવી છે, તેના માટે આધાર આધારીત ચહેરો વેરિફીકેશનની સુવિધા શરૂ કરી દેવામાં આવી છે.

જે અંતર્ગત ઉમંગ એપના માધ્યમથી કર્મચારી ખુદ જ યુએનએને સક્રિય કરી શકશે કેન્દ્રીય શ્રમ તેમજ રોજગાર મંત્રી કે.મનસુખ માંડવીયાએ મંગળવારે જણાવ્યું હતું કે આ સુવિધાથી યુએએનમાં મોબાઈલ નંબર અને નામ સબંધી ત્રુટીઓ ખતમ થઈ જશે.

અત્યાર સુધી યુએએન નંબર માત્ર નિયુકત કરનાર દ્વારા સક્રિય કરવામાં આવતો હતો. ઘણીવાર તેમાં ત્રુટી રાખી દેવામાં આવતી હતી જેના કારણે કર્મચારીને ઉપાડ કરવા કે અન્ય લાભ લેવા માટે પોતાની જાણકારી પોર્ટલ પર જઈને અપડેટ કરવી પડતી હતી.

તેમાં ઘણીવાર સમય લાગતો હતો આ ઉપરાંત તેમાં કર્મચારી દ્વારા ઓટીપી વેરિફીકેશન યુએએન સક્રિય કરવાની અલગ પ્રક્રિયા હતી. તે પણ નવી સુવિધામાં સમાવેશ થઈ જશે.

પીએફ ટ્રસ્ટોમાં ગરબડોની તપાસ કરવામાં આવશે

દેશભરમાં સંચાલીત ભવિષ્ય નિધિ (પીએફ) ટ્રસ્ટોની શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા તપાસ કવામાં આવી રહી છે. તમામ સ્તરેથી




મળી રહેલી ફરીયાદો વચ્ચે મંત્રાલયે આ નિર્ણય લીધો છે.

જેમાં ટ્રસ્ટોનાં ખાતાનું ઓડીટ કરાશે.જો કયાંય પણ ગરબડ મળે છે તો તેના આધારે કાર્યવાહી કરવામાં આવશે. પહેલા ચરણમાં એ ટ્રસ્ટોની તપાસ કરવામાં આવશે જેના બારામાં અગાઉથી ફરિયાદો મળી ચુકી છે.

# જામનગરમાં હત્યાને અકસ્માતમાં ખપાવી દેવાના ષડયંત્રનો પોલીસે પર્દાફાશ કર્યો

## પ્રેમી સાથે મળી પત્નીએ પતિનું ઢીમ ઢાળ્યું! જામનગરમાં બની હૃદય કંપાવતી ઘટના

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરમા એક વ્યક્તિની હત્યાને અકસ્માતમા ખપાવી દેવાના ષડયંત્રનો પોલીસે પર્દાફાશ કર્યો છે. આ ઘટનાની વિગત મુજબ ૬ એપ્રિલના રોજ જામનગરમાં એક માર્ગ અકસ્માતમાં ૩૦ વર્ષીય રવિ ધીરજલાલ મારકાનાનું મૃત્યુ તેની પત્ની અને તેના પ્રેમીએ જ કાવતરું ઘડ્યું હતું. સોમવારે પોલીસે મૃતક રવિની પત્ની રિંકલ અને તેના પ્રેમી અક્ષય ડાંગરિયાની ધરપકડ કરી હતી. આ તપાસમાં જાણવા મળ્યું કે તેઓ છેલ્લા એક વર્ષથી તેને મારી નાખવાનો પ્રયાસ કરી રહ્યા હતા. જ્યારે રવિના પિતાએ રિંકલને પૂછપરછ કરી ત્યારે તે ભાંગી પડી હતી. જેનાથી પોલીસના શંકાને સમર્થન મળ્યું કે મૃત્યુ અકસ્માત નથી.પત્ની રિંકલે તેના પ્રેમી અક્ષય ડાંગરિયાને તેનું લોકેશન મોકલ્યુ

આ સમગ્ર ઘટનાની મળતી માહિતી મુજબ, રવિવાર ૬ એપ્રિલ સાંજે મૃતક રવિ પોતાની બુલેટ પર કાલાવડથી જામનગર પરત ફરી રહ્યો હતો. ત્યારે રવિની પત્ની રિંકલે તેના પ્રેમી અક્ષય ડાંગરિયાને તેનું લોકેશન મોકલ્યુ અને અક્ષયે કંપાસ જીપ (જીજે-૨૦-અચ-૮૨૬૨)માં તેનો પીછો કર્યો અને વિજરાખી ડેમ પાસે તેની ગોળી વાગી. જેના કારણે રવિએ પોતાનો જીવ ગુમાવ્યો હતો.રિંકલ અને અક્ષયનો લાંબા સમયથી અફેર હતો.પોલીસ તપાસમાં બહાર આવ્યું કે તે અકસ્માત નહીં પણ આયોજનબદ્ધ હત્યા હતી. પોલીસના જણાવ્યા અનુસાર, રિંકલ અને અક્ષય વચ્ચે અનૈતિક સબંધ હતા. જેના કારણે ઘરમાં વારંવાર વિવાદ થતો હતો. આખરે આ ઝઘડાઓએ ખતરનાક વળાંક લીધો અને પતિની હત્યા થઈ ગઈ. પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે અક્ષયે તેની પત્નીને છૂટાછેડા આપી દીધા હતા અને રિંકલ પણ તેના પતિને છૂટાછેડા આપવાનું વિચારી રહી હતી.લગ્નના આઠ વર્ષ થયા હતા.આ કેસમાં રવિના કાકા પરેશ મરકાનાએ જણાવ્યું હતું કે શરૂઆતમાં તે અકસ્માત જેવું લાગતું હતું પરંતુ તપાસ કરવામાં આવી ત્યારે ખબર પડી કે તે હત્યા છે. પરિવારે ન્યાયની માંગ કરી અને કહ્યુ કે આ લગ્નેત્તર સંબંધોને કારણે થયું



છે. જેની તેમને પહેલાથી જ જાણ હતી પરંતુ કોઈ નક્કર પુરાવા નહોતા. પોલીસે બંનેની ધરપકડ કરી છે. મૃત્યુની પત્નીના લગ્નના આઠ વર્ષ થયા હતા અને તેમને ચાર વર્ષનો દીકરો પણ છે.હત્યાનું કાવતરું ઘડ્યું હોવાની કબૂલાત કરી

જામનગરના નાયબ પોલીસ અધિક્ષક આર.બી. દેવધરાએ જણાવ્યું હતું કે, જ્યારે અમે આ કેસને આકસ્મિક મૃત્યુ તરીકે તપાસ કરી રહ્યા હતા. ત્યારે અમને રિંકલ અને ડાંગરિયા વચ્ચેના પ્રેમ સંબંધ વિશે ખબર પડી. રવિના પિતાએ પણ ફરિયાદ નોંધાવી હતી કે જ્યારે તેમણે રિંકલની પૂછપરછ કરી ત્યારે તે ભાંગી પડી અને તેણે હત્યાનું કાવતરું ઘડ્યું હોવાની કબૂલાત કરી.

# મોરબી જીલ્લાની ૧૭ શાળાઓમાં ફાયર સેફ્ટી ન હોવાના મામલે શિક્ષણાધિકારી દ્વારા કડક કાર્યવાહી

## ફાયર એનઓસી વિના ચાલતી શાળાઓને ત્રણવાર નોટીસ છતા કામગીરી ન થતા રૂબરૂ ખુલાસા માટે બોલાવાયા

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી જીલ્લાના ૧૭ શાળાઓએ ફાયર સેફ્ટી અને ફાયર એનઓસી વગર સંસ્થા ચલાવતી હોવાને કારણે જીલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા તેઓને રૂબરૂ ખુલાસા માટે બોલાવાયા હતા. આ શાળાઓ સામે પહેલા ત્રણવાર નોટિસ આપવામાં આવી છતાં કામગીરી ન થતાં આ રીતની કડક કાર્યવાહી કરવામાં આવી છે.

સરકારના નિયમોનુસાર ૫૦૦ ચો.મી.થી વધુ વિસ્તાર ધરાવતી અથવા ૯ મીટરથી વધુ ઊંચાઈ ધરાવતી તમામ શૈક્ષણિક સંસ્થાઓ માટે ફાયર સેફ્ટી વ્યવસ્થા અને ફાયર એનઓસી ફરજિયાત છે. છતાં મોરબી જીલ્લાના વિવિધ તાલુકાઓની ૦૬ ગ્રાન્ટેડ અને ૧૧ સ્વનિર્ભર શાળાઓએ આ બાબતમાં કોઈ પગલાં લીધા ન હોય, ત્યારે આ શાળાઓને અગાઉ ત્રણવાર નોટિસ આપવામાં આવી હતી. છતાં કોઈ સકારાત્મક કાર્યવાહી ન થતાં, તેમને રૂબરૂ ખુલાસા માટે જીલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતે બોલાવવામાં આવ્યા હતા.

આ ૧૭ શાળાઓમાં આમરણ, હળવદ, મોરબી, સુખપર, નાની વાવડી, પીપળીયા, હડમતીયા, ઘાંટીલા, જોધપર નદી, જેતપર, ટંકારા, નસીતપર અને પીપળીયારાજ ગામોમાં આવેલી શાળાઓનો સમાવેશ થાય છે. આ સંસ્થાઓના આચાર્યો/સંચાલકોને જીલ્લા શિક્ષણાધિકારી કમલેશ મોતાએ તાત્કાલિક ફાયર સેફ્ટી સિસ્ટમ ઈન્સ્ટોલ કરવાની તાકીદ કરી હતી. તેમજ જો આગામી સમયમાં પણ કામગીરી નહીં થાય તો શાળાની માન્યતા રદ કરવાની ભલામણ કરવામાં આવશે તેમ પણ જણાવાયું હતું. આ મહત્વપૂર્ણ કામગીરીનું સંકલન એજ્યુકેશન ઈન્સ્પેક્ટર પ્રવીણભાઈ અંબારિયાએ સંભાળ્યું હતું તેમ યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# રાજકોટ જીવનનગરમાં શનિવારે હનુમાન જયંતિની ભાવપૂર્વ ઉજવણી



**મુખ્ય સમાચાર,રાજકોટ**

જીવનનગર વિકાસ સમિતિ સંચાલિત રામેશ્વર મહાદેવ મંદિર, વોર્ડ નં. ૧૦ જાગૃત નાગરિક મંડળ, મહાદેવધામ મહિલા મંડળના સંયુક્ત ઉપક્રમે શનિવાર તા. ૧૨ મી એપ્રિલના રોજ હનુમાન જયંતિ અંતર્ગત અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સાંજે ૭-૩૦ કલાકે મહાદેવધામમાં બટુક ભોજન, પ્રસાદનું આયોજન રહીશો માટે કરવામાં આવ્યું છે. જીવનનગર, જ્ઞાનજીવન, દેશળદેવ પરા, અમી પાર્ક, શિવ પરાના રહીશો મહાપ્રસાદમાં ભાગ લેવાના છે.

મંદિરના સહવ્યવસ્થાપક સુનિતાબેન વ્યાસ, વિનોદરાય ભટ્ટની સંયુક્ત યાદીમાં જણાવાયું છે કે હનુમાન જયંતિ નિમિત્તે સવારના પ્રભાત ફેરી, સુંદર કાંડ, હનુમાન ચાલીસા, સત્સંગ ભજન-ધૂન, પૂજા, અર્ચનનો વિશેષ ધાર્મિક કાર્યક્રમ યોજાશે. સવારના ૫-૦૦ કલાકથી હનુમાન દાદાની વિશેષ પૂજા શ્રધ્ધાળુઓ કરી શકશે. મંદિરમાં રોશની, મહાઆરતી, દિપમાલા, ધ્વજારોહણ રાખવામાં આવેલ છે. મંદિરમાં આખો દિવસ ધાર્મિક કાર્યક્રમમાં ભાગ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ગરમીમાં હિટવેવથી બચવા અંગેની તૈયારીઓ અને તકેદારી વિશે કલેકટર કચેરી ખાતે બેઠક યોજાઈ

**મુખ્ય સમાચાર,જામનગર**

રાજ્યના મુખ્ય સચિવ પંકજ જોશી દ્વારા રાજ્યના તમામ જિલ્લા કલેક્ટરઓ, મ્યુનિસિપલ કમિશનરઓ, જિલ્લા વિકાસ અધિકારીઓ સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ સાથે ઉનાળા દરમિયાન હિટ વેવથી નાગરીકોનું રક્ષણ થાય અને સલામત રહે તે માટે કરવાની થતી તૈયારીઓ તથા લેવાની થતી વિવિધ તકેદારીઓ વિશે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી બેઠક યોજી જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું અને આ અંગે કરવામાં આવેલ કામગીરીની સમીક્ષા કરી હતી.આ બેઠકમાં આરોગ્ય વિભાગ, શિક્ષણ વિભાગ, પંચાયત વિભાગ, એસ.ટી.વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, પશુપાલન વિભાગ, ખેતીવાડી વિભાગ, શહેરી વિકાસ વિભાગ, શ્રમ વિભાગ, પ્રવાસન વિભાગ, સહિતના અધિકારીઓને મુખ્ય સચિવએ જરૂરી સૂચનાઓ આપી હતી. જેમાં બાંધકામ સાઈટ પર એક થી ચાર કલાક દરમિયાન કામ બંધ રાખવા, જાહેર સ્થળોએ પ્રવાસીઓ માટે પાણીની સુવિધા ઉપલબ્ધ કરવા, ગ્રામીણ ક્ષેત્રે પાણીનો જરૂરી પુરવઠો સંગ્રહિત કરવા, આંગણવાડીઓ ખાતે બાળકોને ઓ.આર.એસ. વિતરણ કરવા, શાળાઓ, હોસ્પિટલ વગેરે સ્થળોએ પૂરતી કાળજી લેવા અંગે સૂચન કરી જિલ્લાના અધિકારીઓને માર્ગદર્શિત કર્યા હતા.બેઠક દરમિયાન જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરે ઉપસ્થિત અધિકારીઓને વિવિધ સુચનાઓ આપી હતી. જેમાં હાલ જામનગરના કામચલાઉ એસ.ટી.ડેપો ખાતે પાણી તથા છાંયડાની જરૂર વ્યવસ્થાઓ ઊભી કરવા, જિલ્લામાં કાર્યરત કન્સ્ટ્રક્શન સાઈટ પરના મજૂરો માટે યોગ્ય સમય નિયત કરવા, શાળાઓ, આંગણવાડી, ફેક્ટરીઓ




વગેરે સ્થળોએ લૂ થી બચી શકાય તે અંગેની જરૂરી વ્યવસ્થાઓ કરવા, વધુ વિજ ભાર લેતા યુનિટ જેવા કે મોલ, મલ્ટીપ્લેક્ષ, સિનેમા હોલ, હોસ્પિટલ વગેરે સ્થળોએ વિજ ભારની ચકાસણી કરવા તેમજ ડેરી ઉદ્યોગ સાથે સંકલન કરી મનરેગા સાઈટ સહિતના સ્થળોએ છાસ વિતરણ કરવા, આંગણવાડીઓમાં બાળકોનું મેડિકલ ચેકઅપ તથા ઓ.આર.એસ.વિતરણ કરવા ઉપસ્થિત સંલગ્ન વિભાગોના અધિકારીઓને સૂચના આપી હતી.

# મોરબીમાં મારામારીના ગુનામાં સંડોવાયેલ આરોપી પાસા હેઠળ જેલમાં ધકેલાયો

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી શહેરમાં અવાર નવાર મારામારીના ગુનામાં સંડોવાયેલ ઈસમ વિરુદ્ધ મોરબી સીટી પોલીસ દ્વાએ પાસાનું શસ્ત્ર ઉગામી, આરોપીની પાસા તળે અટકાયત કરી, જીલ્લા જેલ ભાવનગર ખાતે જેલ હવાલે કરાયો છે.

મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠી તથા નાયબ પોલીસ અધિક્ષક પી.એ.ઝાલા મોરબી વિભાગના માર્ગદર્શન હેઠળ મોરબી શહેરમાં અવાર નવાર મારામારીના ગુન્હાઓ આચરતા અસામાજીક તત્વોની પ્રવૃતીઓને ડામવા સુચના થતા, સીટી એ ડિવિઝન પોલીસ મથક પીઆઈ આર.એસ.પટેલે એ ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં અવાર નવાર મારામારીના ગુન્હાઓમા પકડાયેલ અસામાજીક ઈસમ પીન્ટુભાઈ નારણભાઈ



અજાણા વિરુદ્ધ પાસાની પ્રપોઝલ કરવામા આવેલ, જે અન્વયે ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ અને કલેક્ટર દ્વારા પાસા પ્રપોઝલ મંજુર કરી પાસા વોરંટ ઈસ્યુ કરેલ જેથી આરોપી પીન્ટુભાઈ નારણભાઈ અજાણા ઉવ.૨૫ રહે.ઘુનડા(સ) તા.ટંકારા વાળાને જીલ્લા જેલ ભાવનગર ખાતે પાસા વોરંટની બજવણી કરી મોકલવામા આવેલ છે.


# મોરબીની માધાપરવાડી કન્યા શાળાનું કોમન એન્ટ્રન્સ ટેસ્ટમાં ઝળહળતું પરિણામ

■ કન્યા શાળાની ધો.૫ ની ૫૬ માંથી ૪૦ બાળાઓએ CET પરીક્ષાના મેરીટમાં સ્થાન પ્રાપ્ત કર્યું

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીની પીએમશ્રી માધાપરવાડી કન્યા શાળામાં વિદ્યાર્થીનીઓનું ઉત્તમ ઘડતર, ભણતર, ગણતર અને ચારિત્ર્યનું ચણતર થાય એ માટે વર્ષ દરમ્યાન શિક્ષણની સાથે સાથે શાળામાં અનેકવિધ સહ અભ્યાસીક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. જેમાં બાળાઓ માટે રાણી લક્ષ્મીબાઈ સ્વ-રક્ષણની તાલીમ, એડોલેશન પ્રોગ્રામ, ગણિત વિજ્ઞાન પ્રદર્શન, વોકેશનલ ટ્રેનિંગ, મેડિકલ એસેસમેન્ટ, રંગોત્સવ, રમતોત્સવ, એક્સપોઝર વિઝીટ, ટ્રીનિંગ પ્રોગ્રામ, એક ભારત શ્રેષ્ઠ ભારત, સાયન્સ સર્કલ, મેથ સર્કલ વગેરે પ્રવૃત્તિઓ કરવામાં આવે છે, સાથે સાથે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાતી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષા કોમન એન્ટ્રન્સ ટેસ્ટ, જ્ઞાનસેતુ, જ્ઞાન સાધના, શિષ્યવૃત્તિ પરીક્ષા,ચિત્ર પરીક્ષા, જવાહર નવોદય વિદ્યાલયની પરીક્ષા તેમજ ગખખજ નેશનલ મિન્સ મેરેટી સ્કોલરશીપ એકઝામ વગેરે પરીક્ષામાં વિદ્યાર્થીનીઓ હોંશભેર ભાગ લે છે. આ વર્ષે ધોરણ પાંચમા લેવાતી CET પરીક્ષાનું ઝળહળતું પરિણામ મેળવી વિદ્યાર્થીનીઓએ શાળાને અનોખી સિદ્ધિ અપાવેલ છે તેમજ આ શાળાની તેજસ્વી બાળા પુષ્ટિ હિતેશભાઈ ભટ્ટે રાજ્ય લેવલની પરીક્ષામાં ૧૨૦ માંથી ૮૨ માર્ક પ્રાપ્ત કરી જીલ્લામાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કરી શાળાને ગૌરવશાળી સિદ્ધિ અપાવેલ છે, શાળાના પાંચમા ધોરણની ૫૬ વિદ્યાર્થીનીઓ પૈકી ૪૦ વિદ્યાર્થીનીઓએ મેરિટમાં સ્થાન પ્રાપ્ત કરવાની સુંદર સિદ્ધિ અપાવવા બદલ તમામ બાળાઓ તેમજ ધોરણ એકથી પાંચ દરમ્યાન ખુબજ મહેનત કરાવનાર શિક્ષકો નિકિતાબેન કૈલા, નિમિષાબેન ચાવડા, ગીતાબેન અંદિપરા, હીનાબેન ચાવડા, અલકાબેન કોરવાડિયા, અરવિંદભાઈ કૈલા, અશ્વિનભાઈ કલોલ વગેરે બાલ વાટીકાથી ધો.પાંચના તમામ શિક્ષકો અને બાળકોને ઝળહળતી સિદ્ધિ પ્રાપ્ત કરવા બદલ પ્રિન્સિપાલ દિનેશભાઈ વડસોલાએ ધન્યવાદ પાઠવેલ છે.

# વાંકાનેરમાં દીકરીને મરવા મજબુર કરનાર પતિ સહિત ત્રણ વિરુદ્ધ પિતાએ ફરિયાદ નોંધાવી



**મુખ્ય સમાચાર,મોરબી**

વાંકાનેરમાં પરિણીતાએ કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હોય જે બનાવ બાબતે મૃતકના પિતાએ મૃતકના પતિ તેના ભાઈ તથા બનેવી સામે દીકરીને માનસિક ત્રાસ આપી મરવા મજબુર કર્યા અંગે વાંકાનેર સીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

મળતી માહિતી અનુસાર, વેરાવળ તાલુકાના નાવદ્રા ગામના અરજણભાઈ માંડાભાઈ ભરડા ઉવ.૫૦ એ પોતાની દીકરી જશવંતીબેનને મરવા મજબુર કરનાર પતિ નિલેશભાઈ મેણશીભાઈ કરગઠીયા તથા તેના ભાઈ અલ્પેશભાઈ મેણશીભાઈ કરગઠીયા બન્નેરહે. જુનાગઠ જીલ્લાના દુધાળા ગામ તેમજ તેના બનેવી સંજયભાઈ રાઠોડ રહે.ખેરા જી.જૂનાગઢ એમ ત્રણ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે ગઈ તા.૨૬/૦૩ના રોજ ફરીયાદીની દિકરી જસવંતીબેનને ઉપરોક્ત તેના પતિ સહિત ત્રણ આરોપીઓએ કોઈપણ કારણોસર માનસીક દુઃખ-ત્રાસ આપી મરવા માટે મજબુર કરતા મરણજનાર જસવંતીબેને પોતાની જાતે પોતાના મકાનમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ લેતા જશવંતીબેનનું મૃત્યુ નિપજતા આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ગુનો કર્યો હોય, હાલ પોલીસે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ બીએનએસની કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# બોરવેલની ગાડી ફરી વળતા બે પરપ્રાંતીય શ્રમિકના મૃત્યુ

■ શહેરની ભાગોળે માર્કેટીંગ યાર્ડ પાછળના કળશીધાર સીમ વિસ્તારની વાડીનો બનાવ

**મુખ્ય સમાચાર,જામનગર**

જામજોધપુર નજીક માર્કેટીંગ યાર્ડ પાછળના કળશીધાર સીમ વિસ્તારમાં એક વાડીમાં ચાલતા કામ વેળાએ અંધારામાં નિદ્રાધીન બે પરપ્રાંતિય શ્રમિક પર બોરવેલની ગાડી ફરી વળતા ગંભીર ઈજા થવાથી બંનેના સ્થળ પર ક્મકમાટીભર્યા મૃત્યુ નિપજ્યા હતા.આ બનાવના પગલે ક્ષણિક દોડધામ સાથે અફડા તફડી મચી જવા પામી હતી.પોલીસે બોરવેલની ગાડીના ચાલક સામે ગુનો નોંધ્યો છે.બીજી બાજુ અકસ્માતમાં બે પિતરાઈ ભાઈઓએ જીવ ગુમાવતા પરીવારમાં ઘેરા શોક્ની લાગણી છવાઈ છે.જ્યારે સંબંધિત વિસ્તારમાં અરેરાટી વ્યાપી જવા પામી છે.

સુમાહિતગાર સુત્રોમાંથી મળતી વિગત અનુસાર જામજોધપુરની ભાગોળે માર્કેટીંગ યાર્ડ પાછળ કળશી ધાર વિસ્તારમાં સોમવારે રાત્રે એક વાડીમાં બોરવેલનુ કામ ચાલી રહ્યુ હતુ. જે દરમિયાન એક ગાડી મારફતે ૧૦૦૦ ફૂટનો ઉંડો બોરવેલ કરવામાં આવ્યો હતો. જે દરમિયાન બોરવેલ ૧૫૦૦ ફૂટનો કરવાનુ નક્કી કરાયુ હતુ જેના પગલે વધારાના ૫૦૦ ફૂટના પાઈપ ઘટતા કામ માટે તુરંત બીજા બોરવેલને સ્થળ પર બોલાવવામાં આવ્યો હતો.જે દરમિયાન આ પાછળથી સ્થળ પર આવી રહેલા બોરવેલના ચાલકે અગાઉ બોરવેલના કામ સાથે સંકળાયેલા અને ખેતરમાં નિદ્રાધીન થયેલા બે શ્રમીક રીતેશ દેવીસીંગ નરગાવે (ઉ.વ. ૧૯) અને ભગી આશારામ સેનાની (ઉ.વ. ૧૫) પર ગાડી ફેરવી દેતા ગંભીર ઈજા થવાથી બંનેના સ્થળ પર કમકમાટીભર્યા મૃત્યુ નિપજયા હતા.રાત્રે અંધકારમાં બંને બોરવેલ વાડી હેઠળ કચડાઈ ગયાનુ સામે આવ્યુ છે. આ બનાવના પગલે ક્ષણિક અફડા તફડી સાથે દોડધામ મચી જવા પામી હતી. આ બનાવ મામલે મૃતક્ના પિતા આશારામ શીલાભાઈ સેનાનીની ફરીયાદ પરથી પોલીસે બોરવેલ ટ્રક વાહનના ચાલક ભુરા સામે ગુનો નોંધ્યો છે.મૃતક તરૂણ અને યુવાન ફઈ-મામાના પિતરાઈ ભાઈઓ થતા હોવાનુ સામે આવ્યુ છે.જેઓ મજુરીકામ ક્રી પરીવારના જીવન નિર્વાહમાં મદદરૂપ બની રહયા હતા. મૃતક મધ્યપ્રદેશના બડવાણી જીલ્લાના રાજપુર તાલુકાના ખડક્યા મહુ ગામના વતની છે. એક સાથે બે પિતરાઈ ભાઈઓએ જીવ ગુમાવતા મૃતક્ના પરીવારમાં ઘેરો શોક છવાયો છે.જયારે પંથકમાં પણ અરેરાટી વ્યાપી જવા પામી છે.

# જામનગર મહાનગર પાલિકાની સ્ટેન્ડિંગ કમિટીમાં રૂ. ૬.૮૨ કરોડના વિકાસ કામો મંજૂર

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર મહાનગર પાલિકાની મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં વિવિધ વિકાસ કામો માટે રૂ.૬ કરોડ ૮૨ લાખના ખર્ચની દરખાસ્ત અને રૂ.૨૨ લાખ ૮૦ હજારની આવકની દરખાસ્તોને બહાલી આપવામાં આવી હતી.જામનગર મહાનગર પાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક ચેરમેનના અધ્યક્ષ સ્થાને મળી હતી. તેમાં કુલ ૧૨ સભ્યો ઉપરાંત મેયર વિનોદભાઈ ખીમસૂર્યા, ડે.મેયર ક્રિષ્નાબેન સોઢા, ડે.કમિશ્નર દેવેન્દ્રસિંહ ઝાલા, સીટી એન્જી. ભાવેશભાઈ જાની, ઈચા. આસી. કમિશનર.ટે. જીજ્ઞેશ નિર્મલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.જામનગર મહાનગર પાલિકાની ભૂગર્ભ ગટર શાખાના બિનવપરાશી (રદી) સ્ક્રેપ વાહનોનું ઈ-ઓકશનથી વેચાણ કરવાના કામની દરખાસ્ત મંજુર કરવામા આવી હતી. જેમાં રૂ. ૨૨,૮૦,૦૦૦ ની આવક થશે.

વોટરવર્કસ શાખાના અનેક ખર્ચ મંજૂર કરાયા હતા જેમ ગુલાબનગર ઝોન વિસ્તારમા સ્ટ્રેન્ધનીંગ એન્ડ અપગ્રેડેશન ઓફ એકઝીસ્ટીંગ વોટર પાઈપ લાઈન નેટવર્ક તથા નવી આર.સી.સી.બ્રિક મેશનરી વાલ્વ ચેમ્બર બનાવવાના બે વર્ષના ખર્ચ અંગે સૈધ્ધાંતિક સ્વીકાર કરી પ્રથમ વર્ષનું ખર્ચ રૂ. ૧૩.૨૭ લાખ મંજુર કરાયું હતું.રવિપાર્ક ઝોન વિસ્તારમાં સ્ટ્રેન્ધનીંગ એન્ડ અપગ્રેડેશન ઓફ એકઝીસ્ટીંગ વોટર પાઈપ લાઈન નેટવર્ક તથા નવી આર.સી.સી.બિક મેશનરી વાલ્વ ચેમ્બર બનાવવાના બે વર્ષના ખર્ચ અંગે સૈધ્ધાંતિક સ્વીકાર કરી પ્રથમ વર્ષનું ખર્ચ રૂ. ૮.૯૮ લાખ મંજુર કરવામાં આવ્યું છે.સોલેરિયમ ઝોન વિસ્તારમા સ્ટ્રેન્ધનીંગ એન્ડ અપગ્રેડેશન ઓફ એકઝીસ્ટીંગ વોટર પાઈપ લાઈન નેટવર્ક તથા નવી આર.સી.સી.બિક મેશનરી વાલ્વ ચેમ્બર બનાવવાના બે વર્ષ ના ખર્ચ અંગે સૈધ્ધાંતિક સ્વીકાર પ્રથમ વર્ષનું ખર્ચ રૂ. ૧૩.૯૭ લાખ મંજૂર કરાયું હતું રણજિતનગર ઝોન વિસ્તારમાં સ્ટ્રેન્ધનીંગ એન્ડ અપગ્રેડેશન ઓફ એકઝીસ્ટીંગ વોટર પાઈપ લાઈન નેટવર્ક તથા નવી આર.સી.સી.બિક મેશનરી વાલ્વ ચેમ્બર બનાવવાના કામ માટે બે વર્ષના ખર્ચ અંગે સૈધ્ધાંતિક સ્વીકાર કરી પ્રથમ વર્ષ નું ખર્ચ રૂ. ૧૦.૪૦ લાખ મંજુર કરાયું છે. ગોકુલનગર ઝોન વિસ્તારમાં સ્ટ્રેન્ટનીંગ એન્ડ અપગ્રેડેશન ઓફ એકઝીસ્ટીંગ વોટર પાઈપ લાઈન નેટવર્ક તથા નવી આર.સી.સી.બ્રિક મેશનરી વાલ્વ ચેમ્બર બનાવવાના કામ અંગે બે વર્ષના ખર્ચ અંગે સૈધ્ધાંતિક સ્વીકાર કરવામાં આવ્યા પછી પ્રથમ વર્ષનું ખર્ચ રૂ. ૯.૯૭ લાખ મંજુર કરાયું છે. પવનચકકી ઝોન વિસ્તાર માં સ્ટ્રેન્ધનીંગ એન્ડ અપગ્રેડેશન ઓફ એકઝીસ્ટીંગ વોટર પાઈપ લાઈન નેટવર્ક તથા નવી આર.સી.સી.બિક મેશનરી વાલ્વ ચેમ્બર બનાવવાના કામ બે વર્ષના ખર્ચ અંગે સૈધ્ધાંતિક સ્વીકાર પ્રથમ વર્ષનું ખર્ચ રૂ. ૧૩.૦૮ લાખ મંજુર કરાયું છે. જામનું ડેરૂ અને પાબારી ઝોન વિસ્તારમાં સ્ટ્રેન્ધનીંગ એન્ડ અપગ્રેડેશન ઓફ એકઝીસ્ટીંગ વોટર પાઈપ લાઈન નેટવર્ક તથા નવી આર.સી.સી.બ્રિક મેશનરી વાલ્વ ચેમ્બર બનાવવાના કામ અંગે બે વર્ષના ખર્ચ અંગે સૈધ્ધાંતિક સ્વીકાર પ્રથમ વર્ષનુ ખર્ચ રૂ. ૧૫.૭૮ લાખ અને શંકર ટેકરી ઝોન વિસ્તારમાં સ્ટ્રેન્ધનીંગ એન્ડ અપગ્રેડેશન ઓફ એકઝીસ્ટીંગ વોટર પાઈપ લાઈન નેટવર્ક તથા નવી આર.સી.સી.બ્રિક મેશનરી વાલ્વ ચેમ્બર બનાવવા કામ અંગે રૂ. ૩.૩૫ લાખના ખર્ચને મંજૂર કરાયો હતો.શહેરમાં આવેલ નવી વિકિસત સોસાયટીઓમાં તેમના દ્વારા રાખેલ સફાઈ કામદારો માટે સોસાયટીઓને ચુકવવાનુ થતું ખર્ચ અંગે રૂ. ૨૨૫.૩૬ લાખ , સીવીલ નોર્થ ઝોન (વોર્ડ નં.૨) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોક-ભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ.સી.સી. બ્લોક પેવર બ્લોક.ના કામનું ટેન્ડર તથા ખર્ચ માટે રૂ. ૧૦૦ લાખ, આંતરમાળખાકીય સુવિધાની ગ્રાન્ટ અંતર્ગત વોર્ડ નં.૧૧ લાલવાડી વિસ્તાર સંસ્કાર ધામ સોસાયટી, સિતવન સોસાયટી, ગીરીજ સોસાયટી શેરી નં.૪ મહાપ્રભુજીની બેઠક પાછળ શ્રીજી સોસાયટી તથા વૃજ વલ્લભ સોસાયટીની આંતરિક શેરી ઓ માં સી.સી. રોડના કામ નું ટેન્ડર તથા ખર્ચ માટે રૂ. ૨૦૭.૧૮ લાખનો ખર્ચ માન્ય રખાયો હતો. જામનગર મહાનગર સેવા સદનની વોટર વર્કસ શાખા તથા આરોગ્ય શાખા માટે બ્લીચીંગ પાઉડર તથા જંતુનાશક દવા આઈટમ ખરીદ કરવા માટે રૂ. ૩૦ લાખ.નું ખર્ચ મંજૂર કરવામાં આવ્યું હતું.જામનગર મહાનગર સેવા સદનની જુદી-જુદી શાખાઓ માટે ઝેરોક્ષ કામ કરવા સને ૨૦૨૫-૨૬ માટે વાર્ષિક આર.સી. મંજુર થવા ની રજુ થયેલ દરખાસ્ત અન્વયે રૂ. ૧૦ લાખ અને જામનગર મહાનગર સેવાસદનની જુદી-જુદી શાખાઓ માટે કોમ્પ્યુટર સ્ટેશનરી તથા કન્ઝયુમેબલ આઈટમ ખરીદ કરવા સને ૨૦૨૫-૨૬ માટે વાર્ષિક ખર્ચ રૂ. ૨૦ લાખનો માન્ય રખાયો હતો.ઉપરાંત ચેર ઉપરથી ત્રણ દરખાસ્તો રજૂ કરવાંમાં આવી હતી. જેમાં પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી.૨.૦ની અમલવારી જામનગર મહાનગર પાલિકા વિસ્તારમાં કરવા ભલામણ સાથે જનરલ બોર્ડમાં મુકવાનું મંજુર કરાયું હતું. જામનગર શહેરમાંથી પસાર થતી રંગમતી નદીના રીવર



રીજુવનેશન બાબતે સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવી હતી અને સ્વામીનારાયણ મંદિર ને તા.૧-૫-૨૦૨૫ થી તા.૪-૫-૨૦૨૫ સુધી સત્સંગ પારાયણ માટે શ્રીજી હોલની બાજુમાં ઓશવાળ-૩ સોસાયટી પાસે આવેલ મનપાનું ગ્રાઉન્ડ ભાડે.થી આપવાનું મંજુર કરવામાં આવ્યું હતું. આમ આજની બેઠકમાં કુલ રૂ. ૬ કરોડ ૮૨ લાખ ખર્ચ અને રૂ.૨૨ લાખ ૮૦ હજારની આવકની દરખાસ્તો મંજૂર કરાઈ હતી.

# સાધુ સમાજનાં સમાધિ સ્થાનમાં કૂતરાઓને સમાધિ બનતા વિવાદ

મુખ્ય સમાચાર,રાજકોટ

(૧) રૈયાગામ સમાધી સ્થાન અંદર સાધુ સમાજ અને રાવળ દેવ સમાજની વર્ષોથી સમાધી આપવામાં આવે છે. હાલ આ સમાધી સ્થાનના ટ્રસ્ટના ટ્રસ્ટી દ્વારા તા.૦૪/૦૪/૨૦૨૫ તથા તા. ૦૫/૦૪/૨૦૨૫ ના રોજ આ પવિત્ર સમાધી સ્થાન અંદર પોતાના ૨ કુતરાની સમાધી આપવામાં આવેલ છે. જે સાધુ હોય અને સમાજની અંદર સમાધીનું ખુબજ પવિત્ર મહત્વ હોય ત્યાં આવા કુતરાની સમાધી આપવાનો અધિકાર હોતો નથી. જેથી આ ટ્રસ્ટને સોપેલ સમાધી સ્થાનનો ઠરાવ રદ કરવા સાધુ સમાજ દ્વારા ધારાસભ્ય ડો દર્શિતાબેન શાહને રજૂઆત કરાઈ છે (૨) ત્રીપાંખ સાધુ સમાજના હોદેદારોને રજુઆત કરીએ છીએ કે રૈયા ગામ ખાતે આવેલ રે.સ.નં. ૩૧૮ પૈકીની જમીન દશનામ ગોસ્વામી અતીત સાધુ સમાજને સમાધી સ્થાન માટે ફાળવેલ હોય ટ્રસ્ટ છે. તે ટ્રસ્ટ જોવામાં આવે તો આ ટ્રસ્ટમાં કુલ-૮ ટ્રસ્ટીઓ છે.



(તસ્વીરઃ આનંદ જાવિયા)

જેમાં દિપકભાઈ કે. ગોસ્વામી તથા રાજનભાઈ કે. ગોસ્વામી તે બંને સગા ભાઈઓ છે અને તેમના ભત્રીજા વિવેક અને આરવ ગોસ્વામી અને આ ટ્રસ્ટમાં તેમના ભાણેજો ટુંકમાં અંગત કુટુંબીજનો આ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ છે આ જોતા આ ટ્રસ્ટમાં કુટુંબ પુરતુ ટ્રસ્ટ સીમીત હોય તે આ ટ્રસ્ટને રૈયાની સમાધી સ્થાનની જગ્યા સોંપેલ હોય તે તાત્કાલીક રદ કરવા વિનંતી.(૩) સમસ્ત સાધુ સમાજ, દસનામ ગોસ્વામી સમાજ તથા રાવળ સમાજ રાજકોટમાં રહેતા હોય અને સમાજનું જાહેર કાર્ય કરતા હોય તેવા લોકોને ટ્રસ્ટ સોપવા જણાવેલ છે(૪) આ સમાધી સ્થાનમાં ટ્રસ્ટીઓ પોતાની ઘરની માલીકીનુ હોય તે રીતે વ્યવહાર કરે છે.(૫) આ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ વિકાસને બદલે વિનાશ કરે છે અને સમાધી આપવા આવતા લોકોને મનફાવે તેવો વ્યવહાર કરે છે. (૬) આ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ પોતાના મનમાની ચલાવે છે. કોઈપણ સાધુ સમાજની વ્યકિતને સમાધી દેવા માટે આવે અને સાંજના ૭ પછી થોડુ મોડુ થયેલ હોય તો સમાધી દેવાની આ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ ના પાડે છે. અને કોર્પોરેશને આ ટ્રસ્ટને જે શરતોએ અને નિયમોએ જમીન ફાળવેલ છે. તે નિયમોનું પાલન કરતા નથી. અને કોર્પોરેશને સમાધી સ્થળ ઉપર મીઠુનો જથ્થો રાખવાની શરત મુકેલ હોવા છતા તેવી કોઈ સુવિધા નથી, તેમજ સમાધી સ્થળમાં સીકયુરીટી ગાર્ડની શરત હોવા છતા કોઈ સીકયુરીટી માણસ રાખેલ નથી કે સફાઈ કામદાર રાખેલ નથી. તેમજ આ ટ્રસ્ટનો જે કાંઈ આવક જાવકનો હિસાબ યોગ્ય રીતે મેઈન્ટેન થવો જોઈએ તે રીતે રાખતા નથી અને પોતાને ઠીક લાગે તે રીતે વહીવટ ચલાવે છે. અને પોતાના સગા વ્હાલાઓ હોય તેઓને યોગ્ય જગ્યાએ સમાધી આપવાનું ફાળવવામાં આવે છે અને અન્ય લોકો સમાધી દેવા આવેલ હોય તો તેઓને છેવાડાની જગ્યા હોય ત્યાં સમાધી આપવાનું જણાવે છે આમ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ ભેદભાવ ભરી નીતી રાખી સંચાલન કરે છે. અને ટ્રસ્ટીઓ પોતા કુટુંબની સમાધીઓ હૈયાતીમાં રીઝર્વ રાખવામાં આવે છે. ક્રમશઃ કોઈને સમાધી દેવામાં આવતી નથી.

# બેડી સરકારી પ્રાથમિક શાળાના બાળકોએ લોકસભા-રાજ્યસભાની કામગીરી નિહાળી



રાજકોટ-મોરબી રોડ પર આવેલ બેડી પ્રાથમિક શાળાના બાળકો માટે ઐતિહાસિક ધરોહર નિહાળવાના આશયથી શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરાયું હતું. શાળા પરિવાર, ગામના આગેવાનોની મદદથી બેડી પ્રાથમિક શાળાના બાળકો અક્ષરધામ, કુતુબમિનાર, લાલ કિલ્લો, ઈન્ડિયા ગેટ, આંબેડકર ભવન ઉપરાંત હિમાલયની ગોદમાં ઋષિકેશ-હરિદ્વાર સહિતના પવિત્ર ધામોની મજા માણી ભાવવિભોર બન્યાં હતાં. ખાસ કરીને શાળાનાં બાળકો માટે લોકશાહીના આધારસ્તંભ લોકસભા અને રાજ્યસભાની મુલાકાત આનંદદાયક રહી હતી. રાજકોટ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે આવો જ્ઞાનવર્ધક શૈક્ષણિક પ્રવાસ પહેલો થયો છે.

# રાજકોટ રેલ્વે ડિવિઝનના નવલખી માલગોદામનો પુનઃવિકાસ થશેઃ ઘણા નવા બાંધકામના કામો થશે

મુખ્ય સમાચાર,રાજકોટ

પશ્ચિમ રેલ્વેનો રાજકોટ ડિવિઝન હંમેશા તેના માનનીય ગ્રાહકોને વધુ સારી રેલ સુવિધાઓ પૂરી પાડવા માટે પ્રયત્નશીલ રહે છે. આ ક્રમમાં, રાજકોટ ડિવિઝન ના નવલખી ખાતે સ્થિત કુલ ૮ ગુડ્સ શેડનો પુનઃવિકાસ કરવામાં આવી રહ્યો છે. રાજકોટ ડિવિઝનલ રેલ્વે મેનેજર અશ્વની કુમારના જણાવ્યા અનુસાર, નવલખી ગુડ્સ શેડને આધુનિક અને સંપૂર્ણ સજ્જ ગોડાઉન તરીકે વિકસાવવામાં આવશે. ભૌગોલિક રીતે, નવલખી ગુડ્સ શેડ એક છેવાડાના વિસ્તારમાં આવેલું છે જ્યાં નજીકમાં કોઈ રહેણાંક વિસ્તાર નથી. અહીં કોલસો સતત ઉડતો રહે છે જેના કારણે ત્યાં કામ કરવું એક મોટો પડકાર બની જાય છે. રાજકોટ ડિવિઝન આવા પડકારજનક સંજોગોમાં કામ કરતા રેલ્વે કર્મચારીઓ અને મજૂરોને વધુ સારી સુવિધાઓ પૂરી પાડવા માટે તમામ પ્રયાસો કરી રહ્યું છે. રેલ્વે ટ્રેક પર જામેલા કોલસાને સાફ કરવામાં આવ્યો છે અને આ કાર્ય ભવિષ્યમાં પણ ચાલુ રહેશે. સ્ટેશન માસ્ટર અને ચીફ ગુડ્સ સુપરવાઈઝરના રૂમમાં એસી આપવામાં આવ્યું છે. હાલમાં, અહીં આધુનિક શૌચાલયની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. સ્વચ્છ પીવાના પાણીની ઉપલબ્ધતા પણ સુનિશ્ચિત કરવામાં આવી છે. રાત્રે પૂરતી લાઈટિંગ પૂરી પાડવા માટે ગુડ્સ શેડ પરિસરમાં એક વધારાનો હાઈ માસ્ટ ટાવર સ્થાપિત કરવામાં આવ્યો છે. હાલમાં નવલખી ગુડ્સ શેડમાં ઘણા નવા બાંધકામો ચાલી રહ્યા છે. આ ગુડ્સ શેડમાં એક નવું ઓફિસ કોમ્પ્લેક્સ બનાવવામાં આવશે જેમાં નવી રેલ્વે ગુડ્સ શેડ ઓફિસ, સ્ટેશન માસ્ટર ઓફિસ, ટ્રેડર્સ રૂમ, લેબર રેસ્ટ રૂમ વગેરે બનાવવામાં આવશે. ઉપરાંત, રેલ્વે કર્મચારીઓ, વેપારીઓ અને મજૂરોને સારી ગુણવત્તાનો નાસ્તો અને ભોજન સરળતાથી મળી રહે તે માટે કેન્ટીનનું બાંધકામ પણ ચાલી રહ્યું છે. લાઈન નંબર ૧ પર નવું પ્લેટફોર્મ બનાવવામાં આવી રહ્યું છે. આ સાથે, લાઈન નંબર ૨ ના પ્લેટફોર્મને લંબાવવામાં આવી રહ્યું છે. વાહનોની સરળ અવરજવર માટે એક નવો એપ્રોચ રોડ બનાવવામાં આવી રહ્યો છે. લોડિંગ દરમિયાન રેલ્વે ટ્રેકને નુકસાન ન થાય તે માટે વે-બ્રિજ પાસે કોંક્રિટની દિવાલ બનાવવામાં આવી રહી છે. લાઈન નંબર ૧ અને ૨ ને સિમેન્ટનો ઉપયોગ કરીને બેલાસ્ટ ફ્રી ટ્રેક બનાવવામાં આવી રહ્યો છે. સ્વચ્છતા સુનિશ્ચિત કરવા માટે, સંપૂર્ણપણે ઢંકાયેલી ડ્રેનેજ સિસ્ટમની જોગવાઈ કરવામાં આવી રહી છે.

# ભાડલા ગામમાં આવેલ શ્રી ખાંડુડીવાળા મંદિરમાં હનુમાનજી જન્મોત્સવનું આયોજન



મુખ્ય સમાચાર,રાજકોટ

શ્રી ખાંડુડીવાળા હનુમાનજી જગ્યા પર દર વર્ષ ની જેમ આ વર્ષે ૧૨-૪-૨૦૨૫ ના રોજ પણ જન્મોત્સવ ની ઉજવણી કરવામાં આવશે.

શ્રી ખાંડુડીવાળા હનુમાનજી મંદિર જૂના આણંદપર રોડ ભાડલા ગામ માં આવેલ હનુમાનજી મંદિર માં હનુમાનજી જન્મોત્સવ નું આયોજન ૧૨ -૪-૨૦૨૫ ના રોજ કરવામાં આવ્યું છે જેમાં ૧૦-૪ -૨૦૨૫ થી ૧૨-૪-૨૦૨૫ મારુતિ યજ્ઞ ૩ દિવસનો બપોરે અને ૩:૦૦ વાગે શોભાયાત્રા રાત્રે ૬:૦૦ વાગે મહાપ્રસાદ રાત્રે રાસ ગરબા તેમજ સંતવાણી ભજન નું પણ આયોજન કરવામાં આવ્યું છે જેમાં અનેક કલાકારો સંતવાણી ની મજા કરાવવા આવાના છે તો આ જન્મોત્સવ માં તમામ જાહેર જનતા ને પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવે છે તો આવો આપણે સૌ સાથે મળી આ જન્મોત્સવ માં જોડાય અને ભક્તિરૂપી રંગ માં રંગાઈ જાય આમંત્રક ખાંડુડી વાળા હનુમાનજી મહારાજ સેવકગણ આમંત્રણ આપવામાં આવે છે.

# ઉનાના વાસોજ ગામે અલગ અલગ ક્લાસના વિદ્યાર્થીઓ એક સાથે બેસીને ભણવા મજબૂર



મુખ્ય સમાચાર અબ્દુલ પઠાણ ઉના

ઉના તાલુકાના વાસોજ ગામે અલગ અલગ ધોરણના વિદ્યાર્થીઓ એકસાથે ભણવા મજબૂર બન્યા છે ત્યારે આજથી થોડા સમય પહેલા અચાનક સ્કૂલની છતના પોપડા પડ્યા હતા જેને કારણે અમુક વિદ્યાર્થીઓને ઈજાઓ પહોંચી હતી ત્યારે ગીર સોમનાથ જિલ્લા કલેકટરે તપાસના આદેશ પણ આપ્યા હતા સ્કૂલની બાજુમાંથી ડીજે પસાર થયું હતું જેને કારણે આ પોપડા પડ્યા હતા તેવું તપાસમાં આવ્યું હતું પણ નવી નકોર આ પ્રાથમિક શાળા બની છે અને માત્ર ટૂંકાં સમયમાં આ પ્રાથમિક શાળાની આ હાલત છે એક તરફ સરકાર પ્રાથમિક શાળાઓને આધુનિક બનાવવાની વાત છે ત્યારે આ વાસોજ ગામે આ પ્રાથમિક શાળામાં અલગ અલગ છે ક્લાસના વિદ્યાર્થીઓ એક જ ક્લાસમાં ભણવા મજબૂત બન્યા છે નબળી ગુણવત્તાનું કામ આ પ્રાથમિક શાળાનું થયું છે તેવું લોકો મહાલ કર્ચાય રહ્યું છે પણ લોકોમાં માંગ ઉઠી છે આ પ્રાથમિક શાળાનુ બાંધકામની તપાસ થાય અને કમિટીની રચના કરવામાં આવે અને આ ભ્રષ્ટાચાર ખુલો કરવામાં આવે આમાં જે કંઈ ઇન્વોલ હોય તેને કડક માં કડક સજા કરવામાં આવે ફરી આવું હલકી ગુણવત્તા નું બાંધકામન થાય તેઓ દાખલો બેસાડવો જોઈએ તેવી લોકો માંગ ઉઠી છે.

# રાંધણગેસમાં થયેલ ભાવવધારો પરત ખેંચવા આમ આદમી પાર્ટીની રજૂઆત



(તસ્વીરઃ આનંદ જાવિયા)

કેન્દ્ર સરકારના પૂરવઠા અને પેટ્રોલિયમ વિભાગ દ્વારા ઘરેલુ રાંધણગેસના સિલીન્ડરમાં ૫૦ રૂ. જેટલો અશહય ભાવવધારાનો બોજ પ્રજા ઉપર નાખેલ છે. તાજેતરમાં તેલ કે કુદરતી ગેસના આંતરરાષ્ટ્રીય બજારમાં કોઈપણ જાતનો ભાવવધારો થયેલ નથી અને હાલમાં રાંધણગેસના ભાવ આંતર રાષ્ટ્રીય ફડ અને ગેસના ભાવના આધારે આથી પણ નિચા દરે ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને આપી શકાય તેમ છે. તેમ છતાં પુરવઠા અને પેટ્રોલીયમ મંત્રાલયની અણઆવડત અને વહીવટી બેદરકારીના કારણે ક્યાંકને ક્યાંક ભ્રષ્ટાચાર અને સી.એ.જી.ઓડીટ વિભાગના લેખાજોખા ની અવગણનાના હિસાબે ભાવવધારો કરવો પડયો હોય તેવું સ્પષ્ટ જણાઈ રહ્યુ છે. અને હાલમાં પ્રજા ઉપર જીવન જરૂરીયાતનો જી.એસ.ટી.માં સમાવેશના કારણે મોંઘવારી, મોંઘાદાટ શિક્ષણ, અને મોંઘી મેડીકલ સેવાઓને લીધે સામાન્યને મધ્યમ વર્ગ ખુબજ પરેશાન છે. અને પોતાના જીવન નિર્વાહના બે છેડા ભેગા કરવામાં જજુમી રહ્યો હોય આવા સંજોગોમાં અગાઉની કેન્દ્ર સરકારની જેમ ગેસ સીલીન્ડર ઉપર સબસીડી આપવામાં આવતી હતી. તે પ્રમાણે સબસીડી આપે અથવા ભાવ વધારો પરત ખેંચે એવી આમ આદમી પાર્ટી દ્વારા સખત માંગણી કરીએ છીએ. આમ કરવામાં જે તે વિભાગ અને કેન્દ્ર સરકાર નિષ્ફળ જશે તો ના છુટકે ગાંધી ચિંધ્યા માર્ગે પ્રજાના લગતા પ્રશ્નોને વાંચા આપવા પ્રજાને સાથે રાખી આંદોલન કરવાની ફરજ પડશે. તેમ આમ આદમી પાર્ટીએ કલેકટર રજૂઆત કરી હતી.

# સરગમ ક્લબ તેમજ લંડન મા કૃપા ફાઉન્ડેશનના સયુંકત ઉપક્રમે દિવ્યાંગો માટે ત્રિ-દિવસીય જયપુર ફૂટ કેમ્પ યોજાયો

## ત્રણ દિવસ કેમ્પ માં ૮૧ દર્દી એ લાભ લીધો

મુખ્ય સમાચાર,રાજકોટ

સાસ્કૃતિક, સામાજિક અને તબીબીક્ષેત્રમાં અગ્રેસર રહેનાર સરગમ કલબ શહેરમાં જયપુર ફૂટકેમ્પના રૂપમાં વધુ એક સેવાકેન્દ્ર ચલાવી રહેલ છે. સરગમ કલબ અને લંડન મા કૃપા ફાઉન્ડેશન જયંતિભાઈ ખંગ્રામ ના સયુંક્ત ઉપક્રમે તા.૧/૦૪/૨૦૨૫ થી ૩/૦૪/૨૦૨૫ ના રોજ આ જયપુર કેમ્પ યોજાયેલ. આ કેમ્પમાં કુલ ૮૧ દર્દીઓ એ લાભ લીધો જેમાં કેલીપર્સ નાં દર્દી ૨૯ લેગ (પગ( નાં દદી ૪૦ કેલીપર્સ ના અને રીપેરીંગ ૧૨ દર્દી વિનામૂલ્યે લાભ લીધો.

સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા અને શ્રી જયંતિભાઈ ખંગ્રામ એ જણાવ્યા અનુસાર, આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે. આ કેમ્પમાં અમોને મા કૃપા ફાઉન્ડેશન (લંડન) ટ્રસ્ટી જયંતીભાઈ ખંગ્રામ, રશ્મીભાઈ શાહ. અશોકભાઈ ડાલિયા, બજી મિસ્ત્રી નો સહયોગ મળેલ છે. આ કેમ્પની સફળતા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ જતથા જયંતિભાઈ ખંગ્રામ તથા કમાણી ફાઉન્ડેશનનાં માર્ગદર્શન હેઠળ યોજાયેલ. આ કેમ્પ ને સફળ બનાવવા માટે શ્રી દીપકભાઈ કમાણી, રશ્મિભાઈ કમાણી, કિશોરભાઈ પરમાર, જે.કે સરાઠે તથા સરગમ કલબના કમિટી મેમ્બર પ્રફુલભાઈ મિરાણી, કનૈયાલાલ ગજેરા, તેમજ ભાવનાબેન મહેતા, મધુરીકાબેન જાડેજા, કૈલાશબા વાળા, આશાબેન ભૂછડા, સુધાબેન દોશી, જયશ્રીબેન વ્યાસ, હર્ષાબેન પીઠડીયા, મિતલબેન ચગ, દિવ્યાબેન ઉમરાણીયા, નીશાબેન વડગામા, હર્ષાબેન કથેચા, વગેરે જહેમત ઉઠાવી હતી. આ કેમ્પ માં રાજસ્થાનનાં ડોકટરો જગનલાલ ચોધરી, હેમંત શર્મા, તુફાનસિંહ તોમર વગેરે સેવા આપેલ આવનારા તમામ દર્દી ઓને વિના મુલ્યે ચા પાણી આપવામાં આવેલ.

આગામી કેમ્પ તા. ૦૧/૦૫/૨૫ નાં રોજ ૩ દિવસ માટે યોજાશે.




# આજથીએડવાન્સ મિલ્કત વેરા વળતર યોજનાનો પ્રારંભઃ સત્તાવાર જાહેરાત

## વન ટાઈમ ઈન્સટોલમેન્ટ સ્કીમ ૨.૦નો પણ શુભારંભઃ તા.૩૧ મે સુધીમાં વોર્ડ ઓફીસ અથવા ઓનલાઈન નોંધણી કરાવી મિલ્કતધારક લાભ લઈ શકશેઃ મેયર સહિતના પદાધિકારીઓ, અધિકારીઓની અપીલ

મુખ્ય સમાચાર,રાજકોટ

મહાનગરપાલિકા દ્વારા આજે એડવાન્સ મિલ્કત વેરો પાણી દર પર વળતર યોજનાનો શુભારંભ થઈ રહ્યો છે, ટેક્સની રકમ ઓનલાઈન/ઓફલાઈન, તમામ સિવિક સેન્ટર અને તમામ વોર્ડ ઓફિસ ખાતે ભરી શકાશે, તેમ મેયર નયનાબેન પેઢડીયા, ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિ. કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ અને દંડક મનીષભાઈ રાડિયાએ જાહેરાત કરી છે.

નવા નાણાંકીય વર્ષમાં વસુલાત શરૂ કર્યાની તા.૩૧મે ૨૦૨૫ સુધીમાં સામાન્યકર, પાણી ચાર્જ અને ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન ચાર્જની રકમના ૧૦% વળતર તથા તા.૦૧ જુન, ૨૦૨૫થી તા.૩૦ જુન-૨૦૨૫ સુધીમાં ૫% વળતર આપવામાં આવશે.

ફક્ત મહિલાઓના નામે જ હોય તેવી મિલ્કતોમાં આપવામાં આવનાર વળતર ઉપરાંત વિશેષ ૫ ટકા વળતર ઓનલાઈન પેમેન્ટ કરનાર મિલ્કત ધારકને વિશેષ ૧ ટકા વળતર


સતત ત્રણ વર્ષથી આવી યોજના દરમ્યાન સંપૂર્ણ વેરો ભરનાર કરદાતાઓને લોયાલીટી બોનસ પેટે વિશેષ ૧ટકા વળતર તથા ૪૦ ટકા થી વધારે દિવ્યાંગતા હોય અને ફક્ત તેમના જ નામે હોય તેવી રહેણાંક મિલ્કતોને વિશેષ ૫ ટકા વળતર આપવામાં આવશે. (આવો લાભ ફક્ત એક મિલ્કત પૂરતો સિમિત રહેશે.)

શહેરી વિકાસ અને શહેરી ગળહ નિર્માણ વિભાગના પરીપત્ર મુજબ આગામી નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન આર્મી મેન, એક્સ આર્મી મેન કે તેમના વિધવા પત્ની, તેમજ આર્મી મેન કે એક્સ આર્મી મેનનાં પત્નીનાં નામથી આવેલ પોતાની માલિકીની એક મિલ્કત પુરતુ સામાન્યકરની રકમનાં ૧૦૦ ટકા વળતર આપવામાં આવશે. (આવો લાભ ફક્ત કોઈ એક રહેણાક મિલકત પૂરતો જ મર્યાદિત રહેશ.

નચ્ચાલુ વર્ષની (વ્યાજ સહિત) રકમના ૧૦૦ ટકા અને એરીયર્સની (વ્યાજ સહિત) રકમનાં ૨૫ ટકા જેટલી રકમનો પ્રથમ હપ્તો ભરવાનો રહશે. બાકીની ૭૫ ટકા રકમ આગામી ત્રણ નાણાકીય વર્ષ દરમિયાન ૨૫ટકા,૨૫ ટકા અને ૨૫ના ત્રણ હપ્તામાં ભરવાની રહેશે.

નાણાકીય વર્ષની મીલ્કત વેરાની રકમ જે તે નાણાકીય વર્ષના ૩૦-સપ્ટેમ્બર સુધીમાં ભરપાઈ કરવાની રહેશે. અન્યથા આ યોજનાનો લાભઆપો આપ બંધ થશે. જે મિલકતધારક સળંગ ૪(ચાર) વર્ષ દરમ્યાન પોતાને ભરવાપાત્ર થતી કુલ રકમ નિયમિત ૪ વર્ષ દરમિયાન ભરપાઈ કરશે તો તે મિલકત માટે આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે અન્યથા આ યોજનાનો લાભ આપોઆપ બંધ થશે.

આ વન ટાઈમ ઈન્સ્ટોલમેન્ટ સ્કીમની વિશેષતા એ છે કે આ સ્કીમમાં



જોડાવાથી જુની ચડત રકમ પર વાર્ષિક ૧૮ટકા લેખે લાગતુ વ્યાજ બંધ થઈ જશે. તેમજ ચડત રકમ ૦૪ વર્ષમાં ઈન્સ્ટોલમેન્ટમાં ભરવાની તક મળશે તેમજ મિલ્કતધારક સીલીંગ, નળ કનેકશન કપાત, ડ્રેનેજ કનેકશન કપાત તથા હરાજી જેવી કડક કાર્યવાહીથી બચી શકશે.

વન ટાઈમ સ્કીમમાં જોડાવાની પ્રક્રિયા આ યોજનામાં જોડાવા મિલ્કતધારક તા.૩૧મે સુધીમાં રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ ઠઠઠ.છખઈ.ત્રહ્મટ.ઈંગ શૃ ડ્ઇધડઊિછઝઢ ઝઅડ સેકશનમાં ઝઅડ ડ્અઢખઊિગઝ માં જઈ ઘગઊિ ઝઈંખઊિ ઈંગજ્ઝઅકકખઊિગઝ જઈંઈંઊિખઊિ પર કલીક કરી (જે તે નાણાકિય વર્ષનો ચાલુ સાલનો વેરાની રકમ+ જુની ચડત રકમની ૨૫ટકા ઈન્સ્ટોલમેન્ટની રકમ) ભરી જોડાઈ શકશે તેમજ પોતાના વિસ્તારની વોર્ડ ઓફીસ ખાતે જઈને યોજનામાં જોડાઈ શકે છે.

# નવકાર મહામંત્ર જાપ રાજગીરી ઉપાશ્રય ખાતે યોજાયા



નવકાર મહામંત્ર ના જાપ જ્યારે વિશ્વભરમાં વિશ્વ કલ્યાણ માટે નવકાર મંત્રના જાપ યોજાઇ રહ્યા છે. ત્યારે રાજકોટ રાજગીરી ઉપાશ્રય સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે સાધના ભાઈ સ્વામી, કોકીલ કંઠી સંગીતાબાઇ સ્વામી ની નિશ્રામાં ભવ્ય રીતે યોજાઈ ગયા, કોકિલકંઠી સંગીતાબાઇ સ્વામીએ નવકાર મંત્રના જાપ ભક્તિ ભાવપૂવેક કરાવ્યા હતા.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# વિશ્વ આરોગ્ય દિવસ નિમિત્તે પેલિકન ઈન્ડસ્ટ્રીઝે મિરેકલ ઓફ માઈન્ડ એક્સપીરિયન્સ સેશનનું આયોજન કર્યું

## પેલિકન ઈન્ડસ્ટ્રીઝ વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણી મિરેકલ ઓફ માઈન્ડને ગુજરાતમાં લાવીને કરી રહ્યા છેઃ પેલિકન ઈન્ડસ્ટ્રીઝના કર્મચારીઓને સદગુરૂના મિરેકલ ઓફ માઈન્ડ ધ્યાનથી પરિચિત કરાવવામાં આવ્યા, જે ગુજરાતમાં પ્રથમ વખત આયોજિત સત્ર બન્યું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

૮મી એપ્રિલઃ વિશ્વ આરોગ્ય દિવસ નિમિત્તે પેલિકન ઈન્ડસ્ટ્રીઝે નસ્રમિરેકલ ઓફ માઈન્ડ એક્સપીરિયન્સ સેશનસ્રસ્રનું આયોજન કર્યું, જેમાં ૫૫૦ કર્મચારીઓએ મિરેકલ ઓફ માઈન્ડ એપનો ઉપયોગ કરીને એક શક્તિશાળી ધ્યાન અભ્યાસમાં ભાગ લીધો. સદગુરૂ દ્વારા માર્ગદર્શિત ૭ મિનિટના ધ્યાન સાથે, આ એક મફત ધ્યાન એપ્લિકેશન છે જે વ્યક્તિઓને તેમના માનસિક સુખાકારીની જવાબદારી લેવા માટે સશક્ત બનાવે છે.આ ગુજરાતમાં આયોજિત સૌપ્રથમ મિરેકલ ઓફ માઈન્ડ એક્સપીરિયન્સ સત્ર બન્યું. આ કાર્યક્રમનું આયોજન પેલિકન ઈન્ડસ્ટ્રીઝના સ્થાપક ભરત માનકર અને વિજય માનકર દ્વારા કરવામાં આવ્યું હતું, જેમણે આ પરિવર્તનકારી અનુભવને તેમના કાર્યબળ સુધી લાવવાની પહેલ કરી.ભરતજીએ સભાને સંબોધિત કરતા પોતાના માનસિક સ્વાસ્થ્ય પર ધ્યાન આપવાના મહત્વ અને દરરોજ ઓછામાં ઓછા ૭ મિનિટ માટે ધ્યાન કરવા માટે મિરેકલ ઓફ માઈન્ડ જેવી એપ્સની સુસંગતતા વિશે વાત કરી.

મિરેકલ ઓફ માઈન્ડ ટીમે આ પહેલ વિશે પરિચય આપ્યો, સદગુરૂ દ્વારા શરૂ કરાયેલા વૈશ્વિક આંદોલન પાછળની દૃષ્ટિ અને ધ્યાનના માનસિક સ્વાસ્થ્ય લાભોની સમજણ આપી.

વૈશ્વિક માનસિક સ્વાસ્થ્ય સંકટનો સરળ છતાં શક્તિશાળી ઉકેલ તરીકે રજૂ કરાયેલ, મિરેકલ ઓફ માઈન્ડ એપને અદ્ભુત પ્રતિસાદ મળ્યો છે, લોન્ચ થયાના માત્ર ૧૫ કલાકમાં ૧ મિલિયન ડાઉનલોડ્સ અને બે અઠવાડિયાથી ઓછા સમયમાં ૨ મિલિયન ડાઉનલોડ્સનો આંકડો પાર થયો છે. એપે લોન્ચ પહેલાં લગાતાર ત્રણ દિવસ સુધી શઘજહેલ્થ એન્ડ ફિટનેસ કેટેગરીમાં સ્થાન પ્રાપ્ત કર્યું અને ભારતમાં ટોપ ૧૦ મફત એપ્સ અને યુએસમાં ટોપ ૩૦માં સ્થાન મેળવ્યું છે. શક્તિશાળી ૭ મિનિટના માર્ગદર્શિત ધ્યાન સાથે, એપ વપરાશકર્તાઓને તેમની પ્રગતિ ટ્રેક કરવા માટેના સાધનો અને સદગુરૂ દ્વારા શાશ્વત જ્ઞાન મેળવવાની સુવિધા પણ આપે છે.







# આત્મીય કોલેજના ક્લાસરૂમ તથા પાર્કિંગમાં માર મારી એટ્રોસીટી કરવાના ગુન્હામાં 3 આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુક્તિ રાજકોટ સ્પેશિયલ સેશન્સ કોર્ટ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આ અંગેની માહિતી મુજબ તારીખઃ ૧૧/૧૦/૨૦૨૨ ના રોજ ફરિયાદી પાર્થ ભાણજીભાઈ રાઠોડએ રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલ કે, ફરિયાદી આત્મીય કોલેજમાં અભ્યાસ માટે ગયા હતા ત્યારે આશરે સવારે સાડા દશેક વાગ્યે ક્લાસરૂમમાં બેઠા હતા ત્યારે પાંચમા સેમેસ્ટરમાં અભ્યાસ કરતાં આરોપીઓ માનવ ઉર્ફે મનુ ભાવેશભાઈ ચોટલીયા, ધાર્મિક કમલેશભાઈ ભટ્ટી અને જેનીશ ચંદ્રેશભાઈ ટાંક ફરિયાદી પાસે ગયેલા અને ફરિયાદીનો મોબાઈલ મસ્તી કરતાં કરતાં લઈ લીધેલો જેથી ફરિયાદી પાર્થ ભાણજીભાઈ રાઠોડે મોબાઈલ પાછો આપવા વારંવાર કહેલ પરંતુ આરોપીઓએ મોબાઈલ પાછો આપેલ નહીં અને કોલેજમાં લેકચર ચાલુ થઈ જતાં આરોપીઓ ક્લાસરૂમની બહાર જતાં રહેલા અને ફરિયાદીને કિધેલું કે રીસેસમાં બહાર આવજે અને મોબાઈલ લઈ જજે જેથી કોલેજમાં સવારે ૧૧ઃ૪૦ વાગ્યે રીસેસ પડતાં આરોપી માનવ ઉર્ફે મનુ ભાવેશભાઈ ચોટલીયા ફરિયાદીને બોલાવવા આવેલ જેથી ફરિયાદી પાર્કિંગ એરીયામાં જતાં ત્યાં આરોપીઓ માનવ ઉર્ફે મનુ ભાવેશભાઈ ચોટલીયા, ધાર્મિક કમલેશભાઈ ભટ્ટી અને જેનીશ ચંદ્રેશભાઈ ટાંક હાજર હતા અને ફરિયાદીને કહેલ કે, મોબાઈલ જોતો હોય તો ૨૦૦૦/- રૂપિયા લઈ આવ પછી મોબાઈલ મળશે તેમ કહેતા બોલાચાલી થયેલ અને તમામ આરોપીઓએ ફરિયાદીને ગાળો આપી ઢીકાપાટુ માર મારેલ. બાદમાં બપોરના ૦૧ઃ૦૦ વાગ્યે પણ કોલેજ પૂરી થતાં બધાજ આરોપીઓએ ફરિયાદીને તેમની જ્ઞાતિ પ્રત્યે હડધુત કરેલ અને ધમકી આપેલ. ઉપરોક્ત મારના કારણે ફરિયાદીની ૪ દિવસ હોસ્પીટલમાં દાખલ રહેલ. જે બાબતની ફરિયાદ ફરિયાદીએ ઈંડિયન પીનલ કોડ તથા એટ્રોસીટીએક્ટ મુજબ તાલુકા પોલીસ સ્ટેશનમાં ત્રણેય આરોપીઓ વિરુદ્ધ આપેલી જે ફરિયાદને આધારે પોલીસે બધા જ આરોપીઓની ધરપકડ કરેલ તથા આરોપીઓને જેલ હવાલે કરેલ. તપાસ દરમ્યાન આત્મીય કોલેજના ક્લાસરૂમના તથા પાર્કિંગના બનાવ અંગેના સી.સી.ટી.વી ફૂટેજ પણ કબ્જે કરેલા. ત્યારબાદ હાલનો કેસ રાજકોટની સ્પેશિયલ સેશન્સ કોર્ટમાં ચાલી જતાં ફરિયાદીની જુબાની, વિવિધ પંચનામાં ના પંચો, મેડિકલ ઓફિસરની જુબાની તથા તપાસ કરનાર અધિકારી વિગેરે ની જુબાની નોંધ્યા બાદ તથા ફરિયાદપક્ષ અને આરોપીના વકીલ ની દલીલો સાંભળ્યા બાદ તથા આરોપી તરફે ઉચ્ચ ન્યાયાલયોના ચુકાદાઓને ધ્યાને લઈને રાજકોટ સ્પેશિયલ સેશન્સ કોર્ટ દ્વારા તમામ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવામાં આવેલ છે. આ કામમાં બધા જ આરોપીઓ માનવ ઉર્ફે મનુ ભાવેશભાઈ ચોટલીયા, ધાર્મિક કમલેશભાઈ ભટ્ટી અને જેનીશ ચંદ્રેશભાઈ ટાંક વતી રાજકોટના વકીલ રૂપરાજસિંહ પરમાર, જયેન્દ્રભાઈ ગોંડલિયા, મુકેશભાઈ ભટ્ટી, અજીતભાઈ પરમાર, હુસૈનભાઈ હેરંજા, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, રવિભાઈ લાલ, જીતભાઈ શાહ, ફૈઝાનભાઈ સમા, દિપકભાઈ ભાટિયા, અંકિતભાઈ ભટ્ટ, રહિમભાઈ હેરંજા રોકાયેલ હતા.




# ધગધગતા તાપને કારણે શહેરના તમામ ટ્રાફિક સિગ્નલો બપોરે બંધ રાખવા સુચના

## હટવેવના પગલે કલેક્ટરે તમામ વિભાગોની બેઠક યોજી કારખાના, બાંધકામ સાઈટો તડકામાં બંધ રાખવા આદેશ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં ઉનાળાની સિઝનનું રેકોર્ડ બ્રેક ૪૪.૨ ડિગ્રી તાપમાન નોંધાતા આ હીટવેવને લઈને કલેકટરની અધ્યક્ષતામાં ડિસ્ટ્રિક્ટ હીટ ફોર્સ કમિટીની બેઠક યોજાઈ હતી. જેમાં બપોરે તમામ ટ્રાફિક સિગ્નલો બંધ રાખવા સુચના આપવામાં આવી હતી. રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીની અધ્યક્ષતામાં હીટવેવ સામેના એક્શન પ્લાનના મજબૂત અમલીકરણ અંગે બેઠક યોજાઈ હતી.

જેમાં વધતી ગરમી-હીટવેવ સામે લડવા માટે વિવિધ સ્તરની સૂચનાઓ આપવામાં આવી હતી. આ બેઠકમાં જણાવાયું હતું કે, ગરમીના સમયમાં આગામી ૩૦ જૂન સુધી શાળાઓનો સમય સવારનો કરી દેવામાં આવ્યો છે. જેથી બાળકોને તડકામાં અવરજવર ન કરવી પડે. રાજકોટ શહેર સહિત જિલ્લા અને ગ્રામીણ વિસ્તારોમાં સરકારી શાળાઓ તેનું ખાસ પાલન કરે તે ચકાસવા કલેકટર દ્વારા અધિકારીઓને ખાસ સૂચના આપવામાં આવી હતી. લોકોની અવર જવર વધુ છે એવા સ્થળો જેવા કે બસ સ્ટેશન, રેલવે સ્ટેશન, બજારો સહિતના સ્થળે ઓ.આર.એસ. કેન્દ્રો, પીવાના પાણીની વ્યવસ્થા તેમજ સેવાભાવી સંસ્થાઓના સહયોગથી છાશ કેન્દ્રો શરૂ કરવા અને તેની સંખ્યા વધારવા, બપોરના સમયે ટ્રાફિક સિગ્નલો બંધ કરવા સહિતના નિર્દેશ આપવામાં આવ્યા હતા. ગરમીના સમયમાં કારખાના કે ફેક્ટરીઓમાં તેમજ બાંધકામ સાઈટો પર કામ કરતા મજૂરોના કામકાજનો સમય બદલવા પણ સૂચના આપવામાં આવી હતી. સરકારી શાળાઓનો સમય સવારનો કારાયો શાળાઓનો સમય સવારની પાળીનો કરવા અંગે ઈન્ચાર્જ જિલ્લા શિક્ષણ અધિકારી કિરીટસિંહ પરમારનો સંપર્ક કરતા તેમને જણાવ્યું હતું કે આ નિયમ વર્ષોથી ઉનાળામાં લાગૂ પડે છે તે રીતે સરકારી પ્રાથમિક શાળાઓ હાલ ૯૩ જેટલી છે. જેમાંથી ૪૦ જેટલી શાળાઓ બપોરની પાળીમાં ચાલે છે. જેનો સમય સવારનો કરવામાં આવેલો છે. જ્યારે આ નિયમ ખાનગી શાળાઓને લાગુ પડતો નથી. આ બેઠકમાં જિલ્લા પોલીસ વડા હિમકરસિંહ, નિવાસી અધિક કલેક્ટર એ.કે.ગૌતમ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એ.કે. વસ્તાણી, વિવિધ પ્રાંત અધિકારીઓ, આર.ટી.ઓ., વન વિભાગ, જિલ્લા પંચાયતની વિવિધ શાખાઓ, સિવિલ હોસ્પિટલ, જી.એસ.આર.ટી.સી. સહિતના વિવિધ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# રાજકોટ ના ૧૩ સહિત રાજયના ૧૮૨ પીએસઆઈની બદલી

■ રાજકોટ શહેર- જિલ્લામાં ૧૪ ફોજદારની નિમણૂક

**મુખ્ય સમાચાર,રાજકોટ**

પોલીસ વિભાગમાં બઢતી અને બદલીનો દોર યથાવત હોય તેમ બે દિવસ પૂર્વે જ ૨૬૧ એએસઆઈને પીએસઆઈ અને ૩૩ પીએસઆઈને પીઆઈના પ્રમોશન આપ્યા બાદ વધુ ૧૮૨ પીએસઆઈની બદલીના ઓર્ડર કરાયા છે જેમાં રાજકોટ શહેરના ૧૦ અને ગ્રામ્યના ત્રણ પીએસઆઈના ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. જ્યારે તેની સામે રાજકોટ શહેર-જિલ્લામાં ૧૪ ફોજદારને મુકવામાં આવ્યા છે.

રાજ્ય પોલિસી વિભાગ દ્વારા ફોજદારની બદલીને હુકમ કરવામાં આવ્યા છે. રાજકોટ શહેર-જિલ્લાના ૧૩ પીએસઆઈની પણ બદલી કરવામાં આવી છે.

જેમા રાજકોટ શહેરના કનુભાઈ પટેલને અમદાવાદે, હિરેનભાઈ ગઢવીને મોરબી વિનોદકુમાર પરમારને મહેસાણા, ગીતાબેન કારેણાને નવસારી, અમૃતભાઈ રાઠોડને સાબરકાંઠા, શૌકતલ્લાખાન સિંધીને બનાસકાંઠા, ઈબ્રાહીમભાઈ ભટ્ટીને સુરેન્દ્રનગર, શામજીભાઈ મહેશ્વરીને પશ્ચિમ કચ્છ-ભુજ, મોહનભાઈ માજીરાણાને મહેસાણા, મહેશભાઈ વસાવાને તાપી, રાજકોટ ગ્રામ્યના માધવીબેન માવીને છોટાઉદેપુર, ભાવનાબેન ચૌધરીને સુરત અને આર.એસ. સાંકળીયાને સુરેન્દ્રનગર મુકવામાં આવ્યા છે. જ્યારે તેની સામે રાજકોટ શહેર-જિલ્લામાં ૧૪ ફોજદારને મુકવામાં આવ્યા છે.

# ફાળદંગ ગામે ફળ, ઝાડ બગીચા માટે ફાળવાયેલ જમીનમાં શરત ભંગ થતા સરકાર હસ્તક કરાઈ

■ સિટી પ્રાંત-૨ અધિકારી દ્વારા શરત ભંગનો કેસ ચલાવી જમીન સરકાર હસ્તક લેવા આદેશ



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ તાલુકાના ફાળદંગ ગામે કલેક્ટર તંત્ર દ્વારા હુકમથી ફળ ઝાડ અને બગીચો બનાવવાના હેતુ માટે ફાળવવામાં આવેલ રૂ.ત્રણ કરોડની જમીન વૃક્ષોનું વાવેતર ન કરી શરતભંગ કરાયાનું ખુલતા સીટી પ્રાંત-૨ અધિકારી મહેક જૈન દ્વારા શરત ભંગનો કેસ ચલાવી આ જમીન ફરી સરકાર હસ્તક લેવા માટે આદેશ કરેલ છે.આ અંગેની વિગતો એવા પ્રકારની છે કે ફાળદંગ ગામે સરકારી ખરાબાના સર્વે નં. ૨૫૩ પૈકી-૧ની હે. ૨-૪૨-૮૧ ચો.મીટર જમીન આસી. કલેક્ટર રાજકોટ દ્વારા તા.૮/૭/૧૯૭૦ હુકમથી ફળ ઝાડ વાવવા અને બગીચો બનાવવાના

હેતુ માટે લાલચંદ દેવચંદ કોટકને નવી અને અવિભાજય શરતે ફાળવવામાં આવી હતી. આ જમીનની કિંમત અંદાજે રૂ.ત્રણ કરોડ જેવી થવા જાય છે. આ જમીન પર મૂળ હુકમની શરતો મુજબના વૃક્ષોનું વાવેતર થયેલ ન હોવાનું ધ્યાને આવેલ હતું. જેથી સીટી પ્રાંત-૨ અધિકારી મહેક જૈન દ્વારા આ પ્રકરણમાં શરતભંગનો કેસ ચલાવી આ જમીન જે હેતુ માટે ફાળવવામાં આવેલ છે તે હેતુ પરિપૂર્ણ થતો ન હોવાનું જાહેર થતા આ જમીન સરકાર હસ્તક કરવા હુકમ કરેલ છે.

# અમરનગરમાં આતંક મચાવનાર લુખ્ખાઓને ઝડપી પોલીસે કાયદાનું ભાન કરાવાયું

■ આ વિસ્તારમાં મહિલાઓ પર મીર્ચી સ્પ્રે છાંટી સોડા બોટલથી હુમલો કર્યા, તો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ માં માલવીયાનગર પોલીસ મથક વિસ્તારમા આવતા અમરનગરમા એક ગંભીર ઘટના બની હતી જેમા અનેક પરીવાર ઘરની બહાર મોડે સુધી બેઠા હતા ત્યારે એક કાર અને બાઈકમા આવેલા અસામાજીક તત્વો જાહેરમા ગાળો બોલતા હોય તેઓને મહીલાઓએ ટપારતા આરોપીઓએ સોડા - બોટલનાં ઘા કરી મીર્ચી સ્પ્રે છાટી અને અમારી વિરુધ્ધ રોક ટોક કરશો તો તમને જીવતા મારી નાખીશુ તેવી ધમકી આપી હતી અને ત્યાં હાજર ફઈ - ભત્રીજી પર ધોકાથી હુમલો કરતા લોકોમા રોષ ફેલાયો હતો. જેથી લતાવાસીઓ પોલીસ કમિશનર કચેરી અને માલવીયા નગર પોલીસ મથકે આરોપીઓ સામે કડક કાર્યવાહી થાય તે માટે રજુઆત કરવા પહોંચ્યા હતા.આ સાથે માલવીયા નગર પોલીસે ગુનો નોંધી મોડી રાત્રે એક સગીર સહીત ૩ શખસોને સકંજામા લીધા હતા.

આ અંગેની વિગતો મુજબ મવડી વિસ્તારમા આવેલા અમરનગર ૧ મા રહેતા દક્ષાબેન રાજુભાઈ ઓડેદરા (ઉ.વ. ૨૫) એ પોતાની ફરીયાદમા જણાવ્યુ હતુ કે તેઓ તા ૭ ના રોજ રાત્રીનાં ૯ વાગ્યે મોટા બહેન જાગૃતી બહેન, માતા ભારતીબેન, ફઈ રાજીબેન અને પાડોશમા રહેતા કિરણબેન અને હીરાબેન એમ બધા શેરીનાં ખુણે આવેલા ચોકમા બેઠા હતા આ સમયે સંજય માત્રાણીયા, વિવેક ઉર્ફે અભી અને રાજદીપ ઉર્ફે બાપુડી તેમજ અભીષેક સહીતનાઓ એક સ્ફટર અને કાળા કલરની સ્વીફ્ટ કાર તેમજ એક સફેદ કલરની વેગનઆર કાર લઈને આવ્યા હતા. આરોપીઓ ચોકમા ઉભા રહી મોટા મોટા અવાજ કરી ગાળો બોલતા હતા. જેથી આરોપીઓને ગાળો બોલવાની ના પાડતા અને ત્યાંથી જતા રહેવાનું કહેતા તમામ આરોપીઓએ માથાકુટ કરી અને સંજયે મીર્ચી સ્પ્રે છાટ્યો હતો તેની પાસે રહેલા ધોકા વડે દક્ષાબેનને એક ઘા ઝીકી દીધો હતો અને તેમને બચાવવા વચ્ચે પડેલા તેમના ફઈ રાજીબેનને જમણા પગે ધોકાનો ઘા ઝીકી દીધો હતો અને થોડીવારમાં આરોપીઓએ સોડા -બોટલનાં ઘા કર્યા હતા અને તેઓએ ધમકી આપી હતી કે આજ પછી કોઈ દિવસ અમારી રોક ટોક કરશો તો જીવતા નહી રહેવા દઈએ. જેથી શેરીમા દેકારો થઈ જતા ત્યા માણસો ભેગા થઈ ગયા હતા જેથી આરોપીઓ ત્યાથી ભાગી ગયા હતા. ફરીયાદી યુવતીએ ફરીયાદમા આક્ષેપ સાથે જણાવ્યુ હતુ કે ચારેય આરોપીઓ શેરીમા અવાર નવાર દારૂ પીવા બેસતા હોય અને આ લોકોને ત્યાથી દુર રહેતા જવાનુ કહેતા અવાર નવાર માથાકુટ કરે છે ગઈકાલે આ ઘટના બનતા યુવતીને હાથમા ઈજા થઈ હતી ત્યારબાદ ૧૦૦ નંબર પર કોલ કરતા ઘટના સ્થળે માલવીયા નગર પોલીસની પીસીઆર વાન પહોંચી ગઈ હતી અને થોડીવારમા જ ડીસીપી ઝોન ૨ જગદીશ બાંગરવા અને માલવીયા નગરનાં પીઆઈ બનાવ સ્થળે પહોંચી ગયા હતા. આરોપીઓનાં ત્રાસથી લતાવાસીઓ દ્વારા મોડી રાત્રે પોલીસ સ્ટેશન અને પોલીસ કમિશનર કચેરીએ પહોંચી આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવા માંગ કરી હતી. આથી માલવીયા નગર પોલીસે રાત્રે વિશ્વનગર કવાર્ટરમા રહેતો રાજદીપ દિનેશ પરમાર, સંજય મિયાત્રા અને એક સગીરને ઉઠાવી લઈ કાયદાનુ ભાન કરાવ્યુ હતું.



# બજરંગવાડીમાં પ્રેમીના ત્રાસથી કંટાળી નર્સીંગની વિદ્યાર્થીનીનો આપઘાતનો પ્રયાસ

શહેરમા બજરંગવાડી વિસ્તારમા રહેતી અને નર્સીંગનો અભ્યાસ કરતી યુવતીને તેના પ્રેમીએ ધમકાવી અને તારી પાછળ જેટલો ખર્ચો કર્યો છે તે આપી દે તેમજ તારા લગ્ન બીજે નહી થવા દઉ તેમ કહી ધમકી આપતા યુવતીએ ફીનાઈલ પી લઈ આપઘાતનો પ્રયાસ કરતા પ્રેમી સહીત બે શખ્સ વિરુધ્ધ ફરીયાદ નોંધવામા આવી છે. આ અંગેની વિગતો મુજબ બજરંગવાડીમા રહેતી અને નર્સીંગ કોલેજમા ત્રીજા વર્ષમા અભ્યાસ કરતી ૨૧ વર્ષીય યુવતીએ તેમનાં પ્રેમી દુધસાગર રોડ પર હેદરી ચોકમા રહેતા જાવીદ હબીબ હાલા (ધંધો વ્યાજ વટાવ) અને તેમનાં મિત્ર અફઝલ ઉર્ફે કાલુ દાઉદાણીનુ નામ આપતા તેમની સામે ધમકી આપ્યાની ફરીયાદ અંગેનો ગુનો નોંધવામા આવ્યો છે. યુવતીએ પોતાની ફરીયાદમા જણાવ્યુ હતુ કે પોતે સાડા હતુ કે ત્રણ વર્ષ પહેલા વ્યાજખોરીનો ધંધો કરતા જાવીદ સાથે ઈન્સ્ટાગ્રામ મારફતે સંપર્કમા આવી હતી. ત્યારબાદ બંને વચ્ચે મિત્રતા થઈ હતી પરંતુ જાવીદ હેરાન કરતો હોય જેથી ૨૦૨૩ ની સાલમા તેમના વિરુધ્ધ ફરીયાદ કરી હતી અને બાદમા ફરી જાન્યુઆરી ૨૦૨૫ નાં કેસ બાબતે ઘરમેળે સમાધાન થઈ ગયુ હતુ અને ફરી બંને એ વાતો ચાલુ કરી દીધી હતી અને મૈત્રી કરાર કર્યા હતા. આમ છતા જાવીદ ફરી હેરાન પરેશાન કરતો હોય અને તારા લગ્ન કોઈ સાથે નહીં થવા દવ તેવુ કહેવા લાગ્યો હતો જેથી તેની સાથે યુવતીએ બોલવાનુ બંધ કરી દીધુ હતુ. ગઈ તા ૬ નાં રોજ સાંજનાં સમયે પિતાને જાવીદનાં સબંધી અફઝલ દાઉદાણીનો ફોન આવ્યો હતો અને તે અફઝલ કહેતો હતો કે જાવીદ અને તમારી દીકરી વચ્ચે જે કાઈ છે તે મેટરમા સમાધાન કરી નાખો. જેથી પિતાએ સમાધાન કરવાની ના પાડતા આરોપી ધમકાવવા લાગ્યો અને આ મેટર પતાવી દયો અને ઘરે આવવાની ધમકી આપી હતી. જેથી ગઈકાલે યુવતી તેમનાં ઘરેથી મોચીનગરમા રહેતા તેમનાં દાદીને ત્યા જતી હતી ત્યારે જાવીદ તેનુ સ્કુટર લઈને આવ્યો હતો અને રસ્તામા રોકી ધમકાવવા લાગ્યો હતો અને કહેતો હતો કે તારી સાથે મૈત્રી કરાર હતા તે પુરા કરી નાખવા છે . તારી પાછળ કરેલો ખર્ચો તે તુ પરત આપી દે અને નહીં આપે તો તને અને તારા પરીવારને બદનામ કરી નાખીશ અને તને કોલેજમા નાપાસ કરાવી નાખીશ . જેથી યુવતી પોતાનાં ઘરે પહોચતા ત્યા ઘરનાં સભ્યોને વાત કર્યા બાદ જાવીદની વાતનુ લાગી આવતા તેમણે ફીનાઈલ પી લઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. આ ઘટના મામલે પોલીસે ગુનો નોંધી આરોપીને શોધખોળ શરુ કરી છે .

# મારામારી એટ્રોસીટીના બે ગુનામાં ગુજસીટોકનો આરોપી યાસીન ઉર્ફે ભુરાની ધરપકડ

ગુજસીટોકના ગુનામાં સંડોવાયેલ અને મારામારી તથા ધમકી સહિતના ગુનામાં નાસતા ફરતા અને જેની સામે સીઆરપીસી કલમ ૭૦ મુજબ વોરંટ ઈશ્યુ થયું હોય તે કુખ્યાત આરોપી યાસીન ઉર્ફે ભુરાને એલસીબી ઝોન-૨ ની ટીમે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરી હતી. મળતી વિગતો મુજબ, ડીસીપી ઝોન-૨ જગદીશ બાંગરવાની સૂચના હેઠળ એલસીબી ઝોન-ટુ ની ટીમ ગંભીર ગુનાઓ આચરી નાસતા ફરતા આરોપીઓને ઝડપી લેવા માટે તપાસમાં હતી. દરમિયાન મળેલી બાતમીના આધારે શહેરના રૈયા રોડ પર નેહરૂનગર શેરી નંબર ૫ ના ખૂણા પાસેથી કુખ્યાત આરોપી યાસીન ઉર્ફે ભૂરો ઓસમાણભાઈ કઈડા (ઉ.વ ૩૭ રહે. જામનગર રોડ, રાજકોટ) ને ઝડપી લીધો હતો. કુખ્યાત યાસીન ઉર્ફે ભૂરા સામે ગુજસીટોક, લૂંટ, મારામારી, દુષ્કર્મ સહિતના આઠ ગુના નોંધાઈ ચૂક્યા છે અને વર્ષ ૨૦૧૯ માં પાસા હેઠળ જેલની હવા પણ ખાઈ ચૂક્યો છે. યાસીન ઉર્ફે ભૂરા સામે તાજેતરમાં જ પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં તેની પૂર્વ સ્ત્રી મિત્રએ ફરિયાદ નોંધાવી હતી જેમાં ભુરાએ પોતાની સાત વર્ષની દીકરીને લાફા મારી તેની માતાને ધમકી આપ્યા અંગેની વિગતો જણાવી હતી. આ ઉપરાંત માલવિયાનગર પોલીસ સ્ટેશનમાં તેની સામે એટ્રોસિટી અને મારામારીનો ગુનો નોંધાયો હતો તેમજ ગુજસીટોકના ગુનામાં તેની સામે સીઆરપીસી કલમ ૭૦ મુજબ ધરપકડ વોરંટ ઈત્યુ થયું હતું જે ગુનાઓમાં તે નાસ્તો ફરતો હોય જેને એલસીબી ઝોન ૨ ની ટીમે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરી હતી.આ કામગીરીમાં એલસીબી ઝોન-૨ના એએસઆઈ જે.વી.ગોહિલ, હેડ કોન્સ. રાજેશભાઈ મિયાત્રા, રાહુલભાઈ ગોહેલ, હેમેન્દ્રભાઈ વાઘીયા, શકિતસિંહ ગોહિલ, ધર્મરાજસિંહ ઝાલા અને કોન્સ. કુલદીપસિંહ રાણા સાથે રહ્યા હતાં.

# સોનીબજારમાં ૯૦ લાખનું સોનુ ઓળવી જવાના ગુનામાં રીમાન્ડ અરજી રદ

સોનીબજારમાં રહેતા અને પી.આર. લેન્ડમાર્ક બિલ્ડીંગના પહેલા માળે રાણપરા ક્રિએશન નામની દુકાન ચલાવતા સોની વેપારી પ્રસન્નભાઈ રમણીકલાલ રાણપરા સોનાના દાગીના બતાવવાનું જોબવર્ક કરાવતાં હતા. સોની વેપારી દ્વારા તપસ હરીવાડ, રાજીવ સપન બેરા અને સોવીક કાશીનાથ મંડલ ઉર્ફે સુબોને છેલ્લા બે વર્ષથી સોનાના દાગીના બનાવવાનું કામ કરાવતાં હતા. વેપારીએ સોનાના દાગીના બનાવવા આપેલ ફાઈન સોનાની આશરે ૯૦૦ ગ્રામ જેટલી ઘટ પડતા તપસે ઘટ પડેલ સોનુ કટકે કટકે પરત કરી દેવાની ખાત્રી આપી ફરી ૪૦૦ ગ્રામ સોનુ ગ્રાહકને બતાવવા લઈ ગયો હતો. ત્યાર બાદમાં ફરીયાદી દ્વારા આરોપીનો અનેકવાર સંપર્ક કરતાં સંપર્ક નહિ થતા સોની વેપારીએ રૂ. ૯૦ લાખ કિંમતનું કુલ ૧૧૦૦ ગ્રામ ફાઈન સોનું ઓળવી ગયાની એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જે કેસમાં આરોપી રાજીવ સપન બેરાની અટક કરી પોલીસ દ્વારા રિમાન્ડની માંગ સાથે કોર્ટમાં રિમાન્ડ અરજી કરી હતી. જે રિમાન્ડ અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ કોર્ટ દ્વારા પોલીસે કરેલી આરોપીના રીમાન્ડ માંગતી અરજી નામંજુર કરી આરોપીને જામીન મુક્ત કરવા હુકમ કર્યો છે. આ કેસમાં આરોપી વતી રાજકોટના એડવોકેટ રાજન કોટેચા, કૃણાલ કોટેચા, વારિસ જુણેજા, ડેનિશાબેન પટેલ, જય વણઝારા, કિરણસિંહ ચુડાસમા અને સહાયક તરીકે ભુષણ બજાજ રોકાયા હતાં.